કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન : દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૯૬ ● એપ્રિલ ૨૦૧૫



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧
















૧.ઓકલેન્ડ - ન્યુઝીલેન્ડ મંદિરના પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી. ૨. ટોરેન્ટો-કેનેડા મંદિરમાં રામનવમી ઉત્સવ કરતા હરિભક્તો. ૩.એટલાન્ટા મંદિરમાં ફૂલદોલોત્સવ. ૪. શિકાગો મંદિરમાં ગુજરાતી ક્લાસ માં ગુજરાતી શિક્ષણ મેળવતા બાળકો. ૫. જેતલપુર મંદિરમાં શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા સભામાં યજમાન પ.ભ.જનકભાઈ વિનુભાઈ પટેલ પરિવાર પ.પૂ.મહારાજશ્રીની આરતી ઉતારતા.૬. મૂળી મંદિરમાં વસંત પંચમીના પાટોત્સવ પ્રસંગે શ્રી રાધાકૃષ્ણદેવનો અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા રંગોત્સવે રમતા પ.પૂ. મહારાજશ્રી



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૮ ● અંક : ૯૬

એપ્રિલ-૨૦૧૫

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)



**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | હું સદા તમારી સમીપે રહીશ | ૦૬ |
| ૦૪. | નામથી ઓળખીએ છીએ શ્રીહરિના અપર સ્વરૂપના મુખેથી | ૦૭ |
| ૦૫. | કવિ દલપતરામ- સત્સંગના મોંઘેરા કવિરત્ન | ૦૮ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૦ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૨ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૫ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૧૯ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૦ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# अस्मदीयम्

વસંતઋતુની વિદાય થતા જ ગરમીનો પ્રકોપ એકદમ સૌને દઝાડી રહ્યો છે. એકાએક તાપમાન વધતા સતત ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આ તો ભગવાનની માયા છે. એને કોઈ પાર પામી શકે નહીં. વિજ્ઞાનની ટેકનોલોજી તેમાં કામ ન લાગે. ભગવાન જેવા કોઈ થઈ શકે નહીં. આજના કળિકાળમાં ઘણા પોતાને ભગવાન કહેવડાવે છે. એ બધા નરકના અધિકારી છે. એના પોતાના કલ્યાણના ઠેકાણાં નથી તે બીજાનું કલ્યાણ શું કરે ? છતાં પણ તેવા લોકો પૂજાય છે. મનાય છે. કારણ કે પ્રજા ભોળી છે.

આપણું તો પ્રારબ્ધ ભગવાને બદલી નાખ્યું છે. પોતાના ગુરુ સ.ગુ. રામાનંદ સ્વામી પાસે બે વચન આપણા માટે માંગ્યા. એક તો પોતાના સત્સંગીને એક વીંછીનું દુઃખ હોય તે મને આવો પણ મારા સત્સંગી આશ્રિત હોય તેને કાંઈ ન થાય અને અમારા આશ્રિત અન્ન વસ્ત્રે દુઃખી ન થાય. આવા ભગવાન શ્રીહરિના આપણે આશ્રિત છીએ.

સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણા પર ખૂબ દયા કરી છે. તેમની આજ્ઞા પાળવાનો ખટકો રાખીશું તો આપણને ક્યાંય દુઃખ છે જ નહીં. આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી ઘણીવાર સભામાં આશીર્વાદમાં કહે છે કે આપણે ખોતરી ખોતરીને જાતે દુઃખ ઉભું કરીએ છીએ. માટે વ્હાલા ભક્તો આપણે તો ભગવાનના ગમતામાં રહેવું. દેવ, આચાર્ય, તેમના સ્થાપેલ મંદિર, સંતો અને શાસ્ત્ર તેના દ્વારા આપણું કલ્યાણ છે. શ્રીજી મહારાજે ક્યાંય કાચું રાખ્યું નથી. બધું જ સિસ્ટમ ગોઠવીને આપી છે. તેથી આપણે નિશ્ચિંત થઈ ભગવાનને ભજી લેવા. આવું ધર્મવંશી-ધર્મકુળ આપણને પ્રાપ્ત થયું છે. તેમની આજ્ઞામાં જ આપણું શ્રેય અને કલ્યાણ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૧૫)

૧ મુંબઈમાં વાલી (રાજ.) દેશના હરિભક્તોને ત્યાં સત્સંગ સભા અને પધરામણીઓ.
૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૬ થી ૭ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પધરામણી.
૮ અમદાવાદ મંદિરમાં પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર પાટણ કથા પ્રસંગે પધરામણી.
૯ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર પાટોત્સવ પ્રસંગે આયોજીત કથા પ્રસંગે પધરામણી.
૧૦ થી ૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ધનવાડા (ધોળકા દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧ પાલજ ગામે કથા પ્રસંગે પધરામણી.
૨૩ વેડાગોવિંદપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂમિ પૂજન પ્રસંગે પધરામણી.
૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૮ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિન - અક્ષરભુવન શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો (કાલુપુર મંદિર).
૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.




# "હું સદા તમારી સમીપે રહીશ"

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

સંપ્રદાયના સર્વથી મોટેરા પરમહંસ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને સ્વામિનારાયણ ભગવાને વડતાલ-અમદાવાદ બેય દેશના મધ્યસ્થી તરીકે રાખ્યા હતા. વડતાલમાં ૧૮૮૨ કારતક સુદી એકાદશીના શુભ દિવસે દેશ વિભાગ કર્યા ત્યારે શ્રી નરનારાયણદેવની ગાદી પર મોટા ભાઈ રામપ્રતાપભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજીને તથા વડતાલ લક્ષ્મીનારાયણદેવની ગાદી પર નાના ભાઈ ઈચ્છારામભાઈના પુત્ર રઘુવીરને આચાર્ય પદે ગાદી અભિષેક કર્યો ત્યારે બન્ને આચાર્યશ્રીના હાથ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના હાથમાં સોંપ્યાં એટલે બન્નેને સાચવવાની જવાબદારી ગોપાળાનંદ સ્વામીને સોંપી. બન્ને આચાર્યપ્રવર ગોપાળાનંદસ્વામીની મર્યાદા રાખતા તથા ગોપાળાનંદ સ્વામી પણ અતિ સમર્થ હોવા છતાં ૧૭ વર્ષના અયોધ્યાપ્રસાદજીને તથા ૧૩ વર્ષના રઘુવીરજી મહારાજને શ્રીજી મહારાજના સ્થાને માનતા અને અનુવૃત્તિમાં રહેતા.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી બન્ને દેશમાં વિચરણ કરતા સ્વામીને ૬૦ સાધુનું શિષ્ય મંડળ હતું તેમાં મોટેરામાં સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી હતા. જેઓ સ્વામીની સેવામાં મનકર્મ વચનથી રહેતા. સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીએ મહારાજની લીલાના પ્રત્યક્ષ દર્શન કર્યા અને ગુરુ ગોપાળાનંદ સ્વામીના મુખે જે જે લીલાઓ સભામાં કે પ્રત્યક્ષ રૂપે શ્રવણ કરે તેવી લીલા ખરડામાં લખી રાખતા. એવી ૬૦૭ લીલા ચરિત્રોનો સંગ્રહ કર્યો જે આજે સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીની વાતો નામથી ગ્રન્થ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. લીલા નંબર ૩૪૩ માં સ્વામીએ ગુરુ ગોપાળાનંદ સ્વામીના સ્વમુખે સાંભળેલી લીલા લખે છે કે, ''એક સમે ગઢડાને વિષે શ્રીજી મહારાજ પોતાનો ઉતારો જે અક્ષર ઓરડી તેને વિષે રાત્રીને સમે પોઢ્યા હતા. ત્યાં અયોધ્યાપ્રસાદજી મહારાજ શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગયા ત્યારે મહારાજે કહ્યું જે આ ટાંણે કેમ આવ્યા ? ત્યારે અયોધ્યાપ્રસાદજીએ કહ્યું આપને વિનંતી કરવા આવ્યો છું. ત્યારે મહારાજે કહ્યું જે કહો, ત્યારે બોલ્યા જે, અમારા નરનારાયણના દેશમાં સાધુ બ્રહ્મચારી તથા સત્સંગી થોડા છે તે વ્યવહાર શી રીતે ચાલશે ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે તમારા પક્ષમાં હું છું તે હું તમારી સહાય કરીશ ને તમારા નરનારાયણનો દેશ ઘણો વૃદ્ધિ પામશે તમે કોઈ પ્રકારની ચિંતા રાખશોમાં. એમ કહીને શ્રીજી મહારાજ ઉભા થઈને બાથમાં ઘાલીને બહુ મળતા હવા, ને ખભો થાબડીને એમ બોલ્યા જે જેના પક્ષમાં હું છું તેને કોઈ પ્રકારનું દુઃખ તથા મુંઝવણ નહિ આવવા દઉં. અમારો દૃઢ વિશ્વાસ રાખજો હું સદા તમારી સમીપે રહીશ. તમારો વ્યવહાર સર્વ હું ચલાવીશ. એમ કહીને મહારાજ વિરામ પામ્યા. ઈતિ લીલા-૩૪૩ સમ્પૂર્ણ.

નિર્ગુણદાસ સ્વામીએ ગ્રન્થની પ્રસ્તાવનામાં કહ્યું છે જે, પૂર્વે હું મારા ગુરુ ગોપાળાનંદ મુનિ તથા બીજા જે સત્પુરુષ તેમના થકી હરિ એવા જે શ્રી સહજાનંદ સ્વામી તેમનાં મનુષ્ય દેહ વડે કરેલાં એવાં જે દિવ્ય ચરિત્ર તેને સાંભળતો હવો અને તે વાર પછી શ્રીહરિ અન્તર્યામી પણે કરીને પેર્યો એવો નિર્ગુણદાસ નામે સાધુ જે હું તે જે તે શ્રી સહજાનંદ સ્વામીનું ધ્યાન કરીને પૂર્વે સાંભળેલાં શ્રીહરિનાં ચરિત્ર વાર્તાયું લખું છું. તો શ્રીહરિને પ્રસન્ન કરવા સારું તથા શ્રીહરિના જે એકાંતિક સાધુ તેમને પ્રસન્ન કરવા સારું અને મુમુક્ષુ એવા જે જન તેમને નિરંતર સ્મૃતિ થાવાને સારુ લખુ છું.


॥श्री [illegible]:—अने आ जे हुं श्रीहरिना चरित्रनि वार्त्तायुं लखुं छुं ते कांइ आलोकमां पोताानि मोटेप वधारवा सारु नथि लखतो तारे शाने अर्थे लखुंछूं तो धर्मना पुत्रने सर्वना नियंता एवा जे श्रीस्वामिनारायण पुरुषोत्तम भगवान तेमना जे [illegible] भक्तजन तेमने श्रीहरिना स्वरुपनुं जे सुख तेनि सिद्धिने अर्थे लखुंछूं ते हेतु माटे में तेणे लखि जे आ वार्त्तायुं तेमां कोई जातनो बाध होये तो तेनो त्याग करिने रुडी बुद्धिवाला जे जन तेमणे भगवानना भक्तने समजवा सारु आ वार्त्तायुं ल-खवारूप जे मारो गुण ते जे ग्रहण करवो ॥ अने जे आ लोकमां निर्मत्सर साधु होय ते जे आ वार्त्तायुं सांभलिने मारि उपरच अतिशे अनुग्रह करो एवि रित्ये हुं जे ते प्रार्थना करुंछूं ॥[illegible] श्री हरिकृष्णायनमोनमः ॥

આ ગ્રન્થ આજથી ૫૦ વર્ષ પહેલા સંવત ૧૯૨૧ માં સર્વ પ્રથમવાર પ્રિન્ટીંગ પ્રેસમાં છપાયો છે. પ્રકાશન શાહ કેશવલાલ નારાયણદાસ.



# નામથી ઓળખીએ છીએ...

## શ્રીહરિના અપર સ્વરૂપના મુખેથી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

શ્રી નરનારાયણદેવ મહોત્સવના પ્રથમઅંશ રૂપે તા. ૬-૧૧-૧૪ ના રોજ ઉત્સવના સ્થળ પર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વિજય ધ્વજ સ્તંભનું સ્થાપન થયું. એ પ્રસંગની સભામાં આશીર્વચનરૂપે પ.પૂ. મહારાજશ્રી કહે છે, દ્વિશતાબ્દી મહોત્સવ વખતથી જે જે ઉત્સવો અમે જોયા છે તેની વાત કરીએ તો આપણા દરેક ઉત્સવો એક એકથી ચડિયાતા થતા આવ્યા છે તેનું જો કોઈ કારણ હોય તો આપણા સૌ પર શ્રી નરનારાયણદેવની કૃપા અને એ દેવને જ માત્ર અને માત્ર રાજી કરવાના હેતુથી આપ સૌ સેવા કરતા આવ્યા છો તેનું એ પરિણામછે. આપણા દરેક ઉત્સવોમાં કોઈને પણ પોતાનો લેશ માત્ર સ્વાર્થ નથી હોતો, માત્ર દેવને રાજી કરવાનું જ એક અંતિમલક્ષ હોય છે. અહીં જે સંતો બેઠા છે એ સંતો પોતે સ્વતંત્ર રીતે આવા ઉત્સવો કરી શકે એવા સમર્થ છે તો પણ શ્રી નરનારાયણદેવ દેશની વાત કરીએ છીએ ત્યાં સુધી તેઓ ક્યારેય દેવને કેન્દ્રમાં રાખ્યા સિવાય નિજ સ્વાર્થ માટે કોઈ પ્રવત્તિ કરતા નથી. બાકી તો આપણે જોઈએ છીએ કે ઘણા બહુ મનાવા લાગે એટલે પોતાના ફોટા આવી જાય અને દેવ બાજુમાં રહી જાય!

આ ઉત્સવ નિર્વિઘ્ન તો થવાનો જ છે. ખૂબ સારો પણ થવાનો છે કારણ કે દેવનો ઉત્સવ છે આપણે નિમિત માત્ર છીએ. પરંતુ એ નિમિત્તથી ઉત્સવમાં આપણા ભાગે જો કંઈ નાની સરખી સેવા આવી જાય તો, નીચી ટેલ મળે તો માને મોટા ભાગ્ય જો.... એ મુજબ સેવા કરી લેવી અને આપ સૌ સેવા કરતા પણ આવ્યા છો, અમે જાણીએ છીએ. આ સભામાં જે બેઠા છો તેને સૌને અમે નામથી ઓળખીએ છીએ. (સૂક્ષ્મબુદ્ધિથી મનન કરીશું તો જણાશે કે આ વાક્ય ધર્મવંશી આચાર્યશ્રીમાં રહીને સ્વયં શ્રીજી મહારાજ બોલ્યા છે) ઉત્સવ આપણો છે. ઉત્સવમાં લાખો લોકો આવવાના છે. તે સૌની સેવા આપણે કરવાની છે. ઉત્સવમાં ઘણા લોકો માથા ફરેલા પણ આવે, પાણી નથી, આ નથી, તે નથી... તે સૌને આપણે બને તેટલા સંતુષ્ટ થાય. સત્સંગનો ગુણ લઈને જાય તેવું કાર્ય આપણે કરવાનું છે. કારણ કે ઉત્સવનો એક નાનો સરખો ગુણ લેશે કે વ્યવસ્થા બહુ સારી હતી, પાણી ઠંડુ હતું કે જમવામાં પાપડ બહુ સારો હતો. આવો કંઈક ગુણ લઈને જશે તો પણ મહારાજ તેનું સારું કરવાના છે. ઉત્સવની સાર્થકતા જ એ હોય છે કે ઉત્સવના માધ્યમથી અનંત જીવાત્માઓને ભગવાનની ઓળખાણ થાય અને દરેકના જીવનું કલ્યાણ થાય. કારણ કે સત્સંગી માટે તો મહારાજે બહુ સારું કર્યું છે કે અંતકાળે ઘણા સત્સંગીઓ માત્ર ભૂતકાળમાં નહી આજે વર્તમાન કાળે પણ હાલતા ચાલતા-બોલતા, અમે ધામમાં જઈએ છીએ મહારાજ અમને તેડવા આવ્યા છે. જય સ્વામિનારાયણ કહીને દેહ છોડી દે છે. હજુ હમણા બે-ચાર દિવસ પહેલા જ અમે જોયેલી આ વાત છે. પરંતુ આપણે પરચા બહુ જાહેર કરવામાં માનતા નથી. બાકી જીવાત્માનો અંતકાળ બહુ કઠણ હોય છે. આપણે જોઈએ છીએ, નાકમાં ને મોઢામાં નળીઓ ભરાવેલી હોય છે. દેહ છોડતી વખતે જીવાત્મા પારાવાર કષ્ટ ભોગવતો હોય છે. આપણે બહુ ભાગ્યશાળી છીએ કે આપણને મહારાજ મળ્યા છે અને આવા દિવ્ય સત્સંગની પ્રાપ્તિ થઈ છે. આટલું કહીને પ.પૂ. મહારાજશ્રીએ સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

ઊંટ કહે : આ સમામાં, વાંકા અંગવાળાં ભૂંડા, ભૂતળમાં પક્ષીઓને પશુઓ અપાર છે, બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી, ......... ઓળખીએ, સાંભળી શિયાળ બોલ્યું,

દાખે દલપતરામ,

"અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે!"

શિયાળે શીતળ વા વાય, પાનખરે ઘઉં પેદા થાય,
પાકે ગોળ કપાસ કઠોળ! તેલ ઘરે લાવે તંબોળ...
ઉનાળે ઊંડા જળ જાય! નદી સરોવર જળ સુકાય,
પામે વનસ્પતિ સૌ પાન! કેસૂડાં રૂડાં ગુણવાન....
ચોમાસું તો ખાસું ખૂબ! દીસે દુનિયા ડૂબાડૂબ,
લોક ઉચ્ચારે રાગ મલાર! ખેતર વાવે ખેતીકાર.

ચાર ચાર દાયકા સુધી ગુજરાતભરમાં શાળાના વિદ્યાર્થીઓની અનેક પેઢીઓ આ બાળ કાવ્યો ભણી હતી. આ બાળકાવ્યો બોધ પ્રધાન કાવ્યો તો છે જ, પણ તેમાં અવબોધનની સાથે આનંદ પણ છે. અને તેથી જ આ કાવ્યો અત્યંત લોકપ્રિય બન્યાં છે!

આવાં સુમધુર બોધપ્રિય કાવ્યોના રચયિતા કવિ દલપતરામને ક્યો ગુજરાતી નહીં ઓળખતો હોય ? પરંતુ ઘણાં ઓછાં ને એ ખબર છે કે કવિ દલપતરામ આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના જ નખશીખ સર્વાંગ-સત્સંગી હતા!

ચૌદ વર્ષની કિશોર વયે સંવત ૧૮૯૦ ની વસંત પંચમીએ ભૂમાનંદ સ્વામી પાસેથી દલપતરામે પંચવર્તમાનની શ્રી સ્વામિનારાયણીય ધર્મદીક્ષા લીધી તે પછી કવિશ્રીએ પાછું વળીને જોયું નથી. જીવનનાં ૧૫ માં વર્ષથી તે મૃત્યુનાં ૭૯ માં વર્ષ - એમ જીવનનાં કુલ ૬૫ વર્ષો દરમ્યાન એમણે અનેક તડકી છાંયડી અનુભવી, પરંતુ પ્રત્યેક પળે શ્રી સ્વામિનારાયણ ભગવાનની ધર્મનિષ્ઠા એનાં નીતિ-નિયમો તથા આજ્ઞા-ઉપાસના ક્યારેય લોપ્યાં હોય કે ઉવેખ્યાં હોય એવું સાંભળ્યું નથી ! કહો કે કવિશ્રીની સાધના - એમની સાહિત્ય સાધના, કાવ્ય ઉપાસના, સમાજ ઉત્થાન તથા દેશ પ્રેમની ભાવના - એ સર્વેમાં એમની ધર્મનિષ્ઠા અને શ્રી સ્વામિનારાયણ ભગવાને વચનામૃતોમાં અવબોધેલાં જીવન-સત્યો જ સોળે કળાએ ઝળકી ઊઠે છે!



# કવિ દલપતરામ-સત્સંગના મોંઘેરા કવિરત્ન

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા
(અમદાવાદ)

ઈ.સ. ૧૮૨૦ ના જાન્યુઆરીની ૨૧ મી તારીખ એ દલપતરામની જન્મ તિથિ ને ઈ.સ. ૧૮૯૮ ના માર્ચની ૨૫ મી તારીખ એ દલપતરામની અવસાન તિથિ. આમ ૧૮૨૦ થી ૧૮૯૮ નો દલપતયુગ - ઈતિહાસ આલેખે છે એ કાંઈ અમથું તો નહીં જ હોય ને ? આપણા સત્સંગી કવિરત્ન સાચે જ યુગપુરુષ હતા! ૧૯ મી સદીનો પૂર્વાર્ધ એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાન અને ઉત્તરાર્ધ એટલે નર્મદ નો ગોવર્ધનરામ અને લગભગ આખી ૧૯ મી સદી એટલે દલપતરામ. કહો કે કવિશ્રી એ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ઉપદેશોને સમગ્ર ૧૯ મી સદી દરમ્યાન કાવ્યો દ્વારા મૂર્તિમાન કર્યા.

એમના યુગના દલપતરામ પરમ બ્રાહ્મણ હતા. એમનો જમાનો દલપતરામને "કવીશ્વર" કહીને સન્માનતો. ૧૯ મી સદીના ઉત્તરાર્ધના છેલ્લા ચાર દાયકાઓમાં થોડું ઘણું ભણેલ પ્રત્યેક ગુજરાતીના મુખમાં અને હૈયે ક.દ.ડા. હતા. (કવિ દલપતરામ ડાહ્યાભાઈ) સહુ દલપતરામને કવીશ્વર કહીને સંબોધતા. દલપતરામનું એ જનતાદીધું બિરૂદ હતું!

કવીશ્વર દલપતરામ એટલે ગુજરાતી સાહિત્યના

અર્વાચીન યુગના પ્રહરી. શીલ અને સદાચારની જીવંત પ્રતિમા. સ્વામિનારાયણીય તિલક ચાંલ્લામાં એમનો ચહેરો ભક્તિભાવવાળો દેખાય છે. ભગવાન સ્વામિનારાયણના તેઓ અનન્ય ભક્ત, ચાહક અને પ્રચારક હતા. તેમનું જીવન નીતિપરાયણ અને ડાઘ વિનાનું હતું. શ્રી સ્વામિનારાયણ ધર્મના આદર્શો તેમનાં વાણી અને વર્તનમાં સતત નીતરતા હતા. ઉગતી તારક માળને જ્યોતિષી જૂવે ને એ ગ્રહયોગ વાંચીને જન્મોત્રી ઉચ્ચારે, એમ દલપતરામે ઉગતી સંસ્કૃતિ નિરખીને એના સત્‌અસત્‌ ભાવની પ્રજા-જન્મોત્રી લખી વાંચી. 'સુધારો થવા સદ્ય વિદ્યા વધારો' (સદ્‌વિદ્યા) પોણો સો વર્ષે આજે પણ આ 'દલપતસૂત્ર'-''દલપત મંત્ર'' સર્વરોગનાશક ઔષધિ જેવો રામબાણ ઈલાજ નથી લાગતો ?

સૌમ્યમૂર્તિ દલપતરામ પ્રધાનભાવે સાત્વિકવર્ણા સાધુગુણોની ગુણમૂર્તિ હતા. દલપતભાષામાં સુધારો એટલે **Civilization,** આજે જેને સંસ્કૃતિ કહીએ છીએ તે.

''સુધારાથી થૈ આ જુઓ આગગાડી'' - દલપતરામ માટે તો આગગાડી પણ સુધારાનું અંગ હતું ! કેવા આર્ષદષ્ટા હશે કવિ દલપતરામ ! દલપત કાવ્યની ભાષાં જ સુધારાની ભાષા છે. પ્રાચીનતાના થડ ઉપર. અર્વાચીનતાની વેલીઓ એમણે ચઢાવી. ગાળી ગાળીને પાણી પીવું એ એમનું ધર્મસૂત્ર તેમ જ સંસારસૂત્ર હતું. દલપતયુગને પ્રત્યક્ષ નિરખનાર. ઈતિહાસવિદ્ય નવલરામભાઈ એમની સુધારાની ઈતિહાસ મીમાંસામાં ભાખી ગયા છે કે ''દલપતરામને હાથ રહ્યો હોત તો સુધારો દારૂડિયો ન થાત !'' ટૂંકમાં, પ્રાચીન-અર્વાચીનના સાર સંગ્રાહક એવા દલપતરામ સારગ્રાહી સુધારક હતા નવી અને જૂની સંસ્કૃતિના પરીક્ષક અને ઉપાસક હતા.

આઠ વર્ષના બાળદલપતને ગઢડામાં શ્રીજી મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં હતાં. શ્રીજી મહારાજ એ પછી બે એક વર્ષે અન્તર્ધાન થયા પણ આઠ વર્ષના એ બાળકને આયુષ્ય સંભારણું આપતા ગયા. શ્રીહરિના સાક્ષાત્‌ દર્શન દલપતજીવનનું અમૂલ્ય આયુષ્ય સંભારણું હતું !

સંવત ૧૮૯૦ ની વસંત પંચમીએ મૂળીમાં સમૈયો હતો. વઢવાણથી હરિભક્તો જતા હતા. પ્રેમાનંદ મામા સાથે કિશોર દલપતરામ પણ ગયા. 'સ્વામીપંથી થવું નથી' એમ માતાને કહીને નીકળ્યા હતા તે સ્વામીપંથી થઈને ઘેર આવ્યા !

દેવાનંદ સ્વામી દલપતરામના કાવ્યગુરુ હતા. છન્દશ્રૃંગાર નામનું પિંગળશાસ્ત્ર અને ભાષા ભૂષણ નામનો અલંકારગ્રંથ દેવાનંદ સ્વામી પાસે પ્રથમ દલપતરામ શીખ્યા. પછી આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની આજ્ઞાથી શ્રીપુરોત્સવ ને શાકોત્સવનાં શ્રીજીનાં ઉત્સવવર્ણન ગુજરાતીમાં રચ્યાં.

જમ્યા વગર રહે તો દલતપરામ મંદિરે ગયા વગર રહે, નિત્યશઃ દેવમંદિરે દર્શને જવું એ દલપતરામનું ધર્મવ્યસન હતું. ઘેર પણ સંતોને જમવાને નોંતરતા. દલપતરામની દૃઢ આસ્થા હતી કે ''કલ્પનાના પતંગ ચાહે સો ઉડાવો, પણ હરિઈચ્છા હશે એવી જ પ્રેરણા પ્રગટશે.'' સંવત ૧૮૯૦ થી ૧૮૯૭ સુધી દલપતરામ દેવાનંદ સ્વામી પાસે ભણ્યા ને કિશોર મટી જુવાન થયાં.

સં. ૧૮૯૭ માં મૂળીએથી આવ્યે દલપતરામને મૂળજી શેઠનો સમાગમ થયો. દલપતરામ ત્યારે એકવીશ વર્ષના હતા. મૂળજી શેઠ એટલે ઉદ્ધવી સંપ્રદાયની શ્રીજીથી યે જૂની સત્સંગમૂર્તિ ને શ્રીજી મહારાજના સમકાલીન સંત દેવાનંદ સ્વામી પછી મૂળજી શેઠ. **Graduate** થઈ જાણે **Post Graduate** અભ્યાસક્રમ દલપતરામે આદર્યો. દલપતરામને ગુરુઓની કશી કમી ન હતી. પિતા ડાહ્યાભાઈ, ભૂમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામીને મૂળજી શેઠ જેવા પવિત્ર ને પાવનકારી સાધુજીવન વિદ્વાનોના હાથે દલપતમાનસ ને દલપતજીવન ઘડાતું હતું.

સં. ૧૯૦૧ માં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે દલપતરામને કહ્યું કે ''એ ખર્ચ અમે આપીશું તમે અમદાવાદ રહો ને સંસ્કૃત ભણો.'' આમ અમદાવાદ, આચાર્યશ્રી અને સંસ્કૃત એમ ત્રણ રીતે દલપતરામનો ઘરોબો કેળવાતો રહ્યો. દલપતરામ અમદાવાદ વાસી બની રહ્યાં.

કવિશ્રી દલપતરામના જીવનનાં આ સર્વે પ્રસંગો અત્યંત રોચક અને રસાળ રહ્યાં છે. કેમ કે એ સર્વેમાં શ્રીહરિની પ્રેરણા અને પ્રણાલિ જ મુખ્ય છે. આવતા અંકમાં ક્રમશઃ એ પ્રસંગોના પ્રવાહોમાં આપણે ડૂબકી લગાવતા રહીશું ને સત્સંગના કવિરત્નની જાહોજહાલી જાણતા રહીશું !

**Reference Books**

કવીશ્વર દલપતરામ ભાગ ૧ થી ૪
લેખક - નાનાલાલ દલપતરામ કવિ
પ્રકાશક : ગુજરાત વિદ્યાસભા

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

લિખાવિંત સ્વામી શ્રી ૭ સહજાનંદજી મહારાજ જત અમદાવાદ મધ્યે શ્રી બ્રહ્માનંદ સ્વામી તથા વરતાલ મધ્યે આનંદ સ્વામી નારાયણ વાંચજો. બીજું હમણે અમે નવું પ્રકરણ ફેરવ્યું છે જે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદ સ્વામી, ગોપાલાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, પરમચૈત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી તથા આત્માનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, આદિક ભણવાવાલા મોટેરા સાધુ એ સર્વેને કોઈ જાયગાના મહંત કરવા નહિ. એવી રીત્યે આચાર્ય અયોધ્યાપ્રસાદજી તથા આચાર્ય રઘુવીરજી એ બેયની મરજી છે. અને આ માટે એ સાધુ લખ્યા તેની ચાકરીમાં એક એક સાધુને રહેવું ને તેથી વધારે સાધુ રાખવા હોય તો આચાર્યની આજ્ઞાએ કરીને રાખવા પણ પોતાને જાણે રાખવા નહિ. ને રહે તે વિમુખ છે. બીજું જાયગાના માહંત કર્યા છે તેની વિગત્ય જે, વરતાલની જાયગાના માહંત અક્ષરાનંદ સ્વામીને કર્યા છે તથા અમદાવાદની જાયગાના માહંત સર્વજ્ઞાનંદ સ્વામી ગવૈયાને કર્યા છે તથા જુનાગઢની જાયગાના માહંત ગુણાતીતાનંદ સ્વામીને કર્યા છે તથા ગઢડાની જાયગાના માહંત નિષ્કુલાનંદ સ્વામીને કર્યા છે તથા ધોલેરાની જાયગાના માહંત અદ્‌ભુતાનંદ સ્વામીને કર્યા છે તથા ભુજનગરની જાયગાના માહંત વૈષ્ણવાનંદ સ્વામી બ્રાહ્મણીયાને કર્યા છે. એવી રીતે આચાર્યની મરજી લેઈને સર્વે જાયગાના માહંત જડભરતને કર્યા છે. બીજું હવેથી સાધુની મંડલી બાંધીને જ્યાં જ્યાં મુકશે તે આચાર્ય પોતે મુકશે એમ પ્રકરણ ફેરવ્યું છે. બીજું આવી રીત્યે આચાર્યની આજ્ઞાને જે નહિ માને તે વચનદ્રોહિ ગુરુદ્રોહી છે. બીજું આ કાગલ વંચાવવો તે સત્સંગી સર્વેને સાંભલતે વાંચવો ને સર્વે સત્સંગી હરિભક્તને તથા સર્વે પરમહંસને આ પ્રકરણની વાર્તા જાહેર કરવી. સંવત ૧૮૮૫ ના મા. સુદી-૯

આ પ્રસાદીના પત્રના દર્શન હોલ નં. ૯ માં કરશો.

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૫

**ફેબ્રુઆરી ૨૦૧૫**

| | |
|---|---|
| રૂા. ૧૫૧૦૦/- | અ.નિ.કાળીદાસ ધર્માભાઈ નાથાભાઈ પરિવાર - ડેમાઈ |
| રૂા. ૫૧૦૦/- | અનાદિ મુક્તરાજ વજીબા સ્મૃતિ મંદિર - વિજાપુર |
| રૂા. ૫૧૦૦/- | કુબેરદાસ જેઠીદાસ પટેલ - વિહારવાળા |
| રૂા. ૫૧૦૦/ | રમેશભાઈ રવજીભાઈ દોંગા - બાપુનગર |
| રૂા. ૫૧૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર - ડેમાઈ |
| રૂા. ૫૦૦૧/- | નિહાર દેવલ પટેલ - વસ્ત્રાપુર હ. પંકજભાઈ પટેલ |
| રૂા. ૫૦૦૦/- | અ.નિ.રઈબેન વેલાજી બાપુજી પરિવાર - બાલવા |
| રૂા. ૫૦૦૦/- | એક હરિભક્ત - નારણપુરા |
| રૂા. ૫૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર - કલોલ |
| રૂા. ૫૦૦૦/- | કંચનબેન વોરા - અમદાવાદ |
| રૂા. ૫૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર - ગામ સમસ્ત - રડોદરા |
| રૂા. ૫૦૦૦/- | અમૃતભાઈ કોદરભાઈ - ડેમાઈ |
| રૂા. ૫૦૦૦/- | પટેલ સમીરકુમાર મનહરભાઈ -ડેમાઈ |

**માર્ચ ૨૦૧૫ દાનભેટ**

| | |
|---|---|
| રૂા. ૧૧૧૦૧૧/- | ઝવેરી એન્ડ કું એક્ષ્પોર્ટ - અમદાવાદ |
| રૂા. ૧૧૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩ ગાંધીનગર. અ.નિ.શ્રી રંગદાસજી સ્વામીની પુણ્યસ્મૃતિ નિમિત્તે હ. હરિકેશવદાસજી સ્વામી |
| રૂા. ૧૧૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦૦/- | કૌશિકભાઈ જોષી - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦૦/- | અનસુયાબેન સુધાકરભાઈ ત્રિવેદી - કાંકરિયા |
| રૂા. ૯૪૦૦/- | પ.પૂ.ગાદીવાળાશ્રીની ચરણભેટના મ્યુઝિયમ પાટોત્સવ નિમિત્તે |
| રૂા. ૬૬૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર - મેડા |
| રૂા. ૫૫૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર - રાણીપના પાટોત્સવ નિમિત્તે |
| રૂા. ૫૦૦૧/- | રાજુભાઈ એન. પટેલ - મોટેરા |
| રૂા. ૫૦૦૦/- | તુલસીભાઈ પ્રેમજીભાઈ મારવી - ચાંદલોડીયા હ. રજનીકાંત |
| રૂા. ૫૦૦૦/- | અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા ડો. રષેશ પોથીવાલાને ત્યાં પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી નિમિત્તે |
| રૂા. ૫૦૦૦/- | વિશાલભાઈ દિનેશભાઈ જોષી - કાંકરિયા |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૫

| | |
|---|---|
| તા.૦૧-૦૨-૧૫ | જગતપ્રકાશ સ્વામી તથા ધર્મસ્વરૂપ સ્વામી તથા વનરાજભગતની પ્રેરણાથી શ્રી માવજીભાઈ મોહનભાઈ ચાવડા - બળોલ, હ. સંજય - વિજય. |
| તા.૦૩-૦૨-૧૫ | નિવ અંકિતભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે નારણપુરા |
| તા.૦૮-૦૨-૧૫ | શ્રી વિરજીભાઈ જેરામભાઈ રૂપાણી - ભડીયાદ ભાવનગર હા.લંડન, બ્રાઈટન |
| તા.૧૧-૦૨-૧૫ | ચુનીલાલ દુર્લભજીભાઈ સોની પરિવાર - રાણીપ હ. જયેન્દ્રભાઈ, વિજયભાઈ |
| તા.૧૨-૦૨-૧૫ | બિરલ અશોકકુમાર પટેલ - કેનેડા |
| તા.૨૧-૦૨-૧૫ | શ્રી સ્વા. મ્યુઝિયમ ચતુર્થ વાર્ષિક સ્થાપના દિવસ નિમિત્તે સમૂહ મહાપૂજાના મુખ્ય યજમાન અ.નિ. કાળીદાસ નરસિંહદાસ પટેલ પરિવાર હ. ગાંડાલાલ, અમૃતભાઈ તથા વિષ્ણુદાસ, જીતેન્દ્ર, દિલિપ, સમીર, ડો. નિકીકુમાર (ગુલાબપુરાવાળા) ભોજનના મુખ્ય યજમાન અ.નિ. ચંપાબેન ગંગારામભાઈ પટેલ - ભુયંગદેવ હ. ડો.ગંગારામભાઈ ત્રિભોવનદાસ પટેલ |
| તા.૨૪-૦૨-૧૫ | દિપિકાબેન હરેન્દ્રકુમાર દવે - અમદાવાદ હ. સત્યેન્દ્રકુમાર - ઓસ્ટ્રેલિયા |
| તા.૨૭-૦૨-૧૫ | બળદેવભાઈ મણીલાલ પટેલ (ડીંગુચાવાળા હ. સુશીલાબેન પટેલ હા. યુ.એસ.એ.) |
| તા.૦૬-૦૩-૧૫ | કાંતિભાઈ નાનજીભાઈ હાલાઈ - યુ.કે. |
| તા.૧૧-૦૩-૧૫ | જગદીશભાઈ કેશવલાલ પટેલ - રાણીપ |
| તા.૧૨-૦૩-૧૫ | ચીમનભાઈ ભીખાભાઈ જાગાણી - મુંબઈ હ. પ્રવિણભાઈ, મંથન પી. જાગાણી તથા ડો.મગનભાઈ જાગાણી |
| તા.૨૨-૦૩-૧૫ | સાં.યોગી ચંપાબેનના જન્મદિવસ નિમિત્તે - પાદરા હ. કાન્તિભાઈ મોહનભાઈ |
| તા.૨૮-૦૩-૧૫ | રવિલાલ પ્રેમજી કારા - માંડવી હ.કપિલ પ્રેમજી કારા - લંડનવાળા |

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## અમદાવાદના કેશવ પંડિત

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વાત છે અમદાવાદની. નવા વાસમાં વિશાળ સભા ભરાઈ છે. સ્વામિનારાયણ ભગવાન બિરાજે છે. આગળ સંતો-હરિભક્તો બેઠા છે. એ સભામાં કોઈ પંડિતજી આવ્યા. આમ તો ચાર વેદમાં એ નિષ્ણાંત હતા પણ કેવળ પંડિત જ હતા. પંડિતનો અર્થ એ છે. ‘‘શાસ્ત્રમાં જેને બહુ જ દૃષ્ટિ પહોંચતી હોય એને પંડિત કહેવાય.’’ એટલે કે પુસ્તકની લીટીએ લીટીઓ શ્લોકે શ્લોક મગજમાં ગોઠવાઈ ગયેલાં હોય એને પંડિત કહેવાય છે. આવા પંડિત સભામાં આવ્યા. સરસ કથા છે. આ પંડિતજી ખરેખર પંડિત હતા. પણ એની પંડિતાઈમાં ભક્તિ ભળેલી ન હતી. જ્ઞાનમાં જો ભક્તિ ભળે નહીં તો એ જ્ઞાન એકદમ શુષ્ક બની જાય. આ પુસ્તકના અમુક અધ્યાયમાં આમ લખ્યું છે. આ પુસ્તકના આટલા શ્લોકો આ પ્રમાણે છે. આ બધી મગજમાં માહિતી ભરેલી એની કોઈ કિંમત નથી. એવી માહિતી તો કોમ્પ્યુટરમાં બહુ ભરી હોય છે. કાંઈ એને ભક્ત થોડું કહેવાય. માણસનું મગજ કેવળ કોમ્પ્યુટર જેવું જો બની રહે તો એને એના જીવનનો એના જ્ઞાનનો કોઈ આનંદ હોય નહીં. મગજમાં ભાર ભરીને ફર્યા કરે. હું આટલું જાણું છું. હું આટલું સમજુ છું. આટલું મને મોઢે છે. પણ એમાં તમારા ફાયદામાં શું?

કોઈ પ્રાણીની પીઠ ઉપર માટીનો કોથળો ભરીને મુકો કે સાકરનો કોથળો ભરીને મુકો પણ એને શું ફાયદો ? સાકરનો ગાંગડો મોઢામાં નાખે એને એનો સ્વાદ આવે છે. બાકી પીઠ ઉપર ઉંચકીને ફરવાથી એ સાકરનો સ્વાદ આવતો નથી. એમ જ્ઞાનનાં પોથે-પોથાં પીઠ ઉપર ભરીને મગજ ઉપર ભરીને ફરે તેને પરમાત્માના સ્વરૂપનો ભક્તિનો કોઈ આનંદ નથી આવતો.

સ્વામિનારાયણ ભગવાન સાથે એવા એક પંડિતજી દિનાનાથ ભટ્ટ રહેતા હતા. એક દિવસે પ્રભુએ ભટ્ટજીને પૂછ્યું. ભટ્ટજી, ભાગવતના શ્લોક કેટલા ? અઢાર હજાર. પણ તમને મોઢે કેટલાં છે ? મહારાજ પુરે પુરાં તમે કહો એ અધ્યાયનો એ શ્લોક બોલી બતાવું. અઢાર હજાર શ્લોક મને મોઢે છે. ભટ્ટજી, એમાંથી તમારા કલ્યાણ માટે કેટલા નક્કી કરેલા છે ? મહારાજ એ તો નક્કી નથી કર્યું. બસ અઢાર હજાર મગજ માંહી ગોઠવી રાખ્યા પણ આખા ભાગવતમાંથી મારા મોક્ષ માટે આચરણમાં આ શ્લોક છે. એવો એણે વિચાર કરેલો નહીં. આવી જ વાત ભાગવતમાં પણ આવે છે. ઉદ્ધવજીએ પુષ્કળ જ્ઞાન મગજમાં ભરી રાખેલું. પણ જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ પ્રભુને એમ થયું કે કાકાનું મસ્તક કેવળ કોમ્પ્યુટર જેવું છે. એમાં જરા ભક્તિ ઉમેરીએ તો અદ્ભુત કામ થાય. એટલે ઉદ્ધવજીને ગોપીઓ પાસે મોકલ્યાં. ગોપીઓની સાથે પંદર દિવસ રહ્યા ને એટલે મસ્તકમાં જ્ઞાનની સાથે ભક્તિનો ઉમેરો થયો અને ઉદ્ધવજી ભાગવત ભક્ત બની ગયા. કેવળ જ્ઞાન ભક્તિ વગરનું જ્ઞાન એ શુષ્ક જ્ઞાન છે.

આવા શુષ્કપંથી પંડિતજી સભામાં આવ્યા. એમનું નામ લખ્યું છે. કેશવ પંડિત. ચાર વેદનો ભણેલો કેશવ પંડિત એ સભામાં આવ્યો. એમની સાથે એમનો એક મિત્ર આવ્યો. લાલ આંખો કરીને આવ્યા. આજે નક્કી કરીને, જ્ઞાનનાં હથિયાર તૈયાર કરીને ઝગડવા જ આવ્યાં છે. લડવા જાય એટલે તરવાર તાજી કરે. ઘસી ભૂંસીને. એમ આ કેશવપંડિત અને એમનો મિત્ર. મિત્ર બહુ ભૂંડો હતો. ખૂબ ક્રોધ ભરીને આવેલો. લાલ ચોળ આંખો, જોરથી શ્વાસ લેતો હતો. જ્યારે ક્રોધ આવે ને ત્યારે ધબકારા વધી જાય છે. ધ્યાન રાખજો જ્યારે ગુસ્સે થાવ ત્યારે નાડી પકડી જો જો એકદમ ધબકારા વધે, શ્વાસ ઝડપથી ચાલવા માંડે. આ કેશવ પંડિતનો મિત્ર હતો એના માથે મોટી જટા હતી. દાઢી પણ ખરી । બંને સભામાં આવ્યા. બિલકુલ નમ્રતા નહીં. જાણે કાંઈક એમનું લૂંટાઈ જતું હોય ને પાછું વસુલ કરવા આવ્યા હોય એ રીતે ક્રોધ કરતા કરતા આવ્યા. સ્વામિનારાયણ ભગવાને તો પોતાના આસન ઉપર બિરાજ્યા હતા ત્યાં બેઠા બેઠા બંને ને જોઈ આવકાર આપ્યો. આવો આવો આગળ આવો. આગળ બેસાર્યા. થોડીવાર થઈ પ્રભુ કહે છે, બોલો પંડિતજી ક્યાં રહેવું ? અહીં જ રહીએ છીએ, અહીંના જ છીએ. ત્યાં તો એમનો મિત્ર. આ બધા ભેગા કર્યા છે. શું કરવાના. આમ ફાવે તેમ બોલવા માંડ્યો.

એટલે વહેલાલના જેસીંગભાઈ પટેલ ઉભા થઈ ગયા. ભાઈ શાંતિ રાખ. કંઈક વિવેક અને મર્યાદાથી વાત કર. એટલે જેસંગભાઈ સામે ગમે તેમ બોલવા માંડ્યો. સ્વામિનારાયણ ભગવાન હસતાં હસતાં જેસીંગભાઈને કહે છે બેસી જાઓ. બેસી જાવ. આમને ઝઘડો કરવો છે. આપણે ઝગડો કરવો નથી. અને્ છતાં પણ આપણે જીતી જવું છે. વગર ઝઘડો કર્યે જીતવું છે. એ કેમ બને ! આડોશી પાડોશી સાથે ક્યાંક તમારે ઝગડો થતો હોય ત્યારે તમને આવો વિચાર આવે ખરો કે આપણે ઝગડા વગર જીતવું છે? આ કામ કઠણ છે. ઝધડો કરીને જીતવું હોય તો શું કરવું જોઈએ. કોઈ તમારી સામે બોલતો હોય તો એની સામે તમારે વોલ્યુમ વધારી દેવો. ઉંચા અવાજે માઈક ચાલુ કરી દેવું. એટલે એનો અવાજ જ સંભળાય નહીં. એટલે કાંતો ઝગડો કરીને ઝગડો જીતાય અથવા મૌનથી ઝગડો જીતાય. સળગતો કોલસો ખુલ્લી ધરતી ઉપર પડ્યો રહે એ ક્યાં સુધી સળગે ! ધીમે ધીમે રાખ થઈ જાય. એમ આપણે જો મૌન રાખીએ તો એનો ક્રોધ ક્યાં સુધી આગળ વધે. અગ્નિને આગળ વધવા ઘાસ, કચરો, લાકડું, કપડું વગેરે માધ્યમ જોઈએ. એ કંઈ ન મળે તો અગ્નિ આપો આપ શાંત થઈ જાય. આમ કહીને મહારાજે જેસીંગભાઈને બેસારી દીધા.

(ક્રમશઃ વધુ આવતા અંકે)

●

**પ્રકૃતિની સાચી પરખ**

- નારાયણ બી. જાની (ગાંધીનગર)

એક બ્રાહ્મણને પુત્ર ન હતો. તેમણે મંત્ર-તંત્રાદિકમાં બહુ ધન વાપર્યું. પણ ઈચ્છિત પરિણામ આવ્યું નહી. તેની પાસે ધન-સંપત્તિ ખૂબ જ હતી. પણ પુત્ર વિના તે ઉદાસ રહેતો હતો. છેવટે મુંઝાઈને જંગલમાં મરવા માટે ચાલ્યો. ત્યાં કોઈ તપસ્વીનો ભેટો થયો. બ્રાહ્મણનું દુઃખ સાંભળીને તપસ્વીએ પુત્ર થવાનું વરદાન તો આપ્યું પણ તેમાં બીજી રીતે દુઃખનો સમાવેશ તો થતો જ હતો. તેમણે કહ્યું કે તારે પુત્રનું મુખ જોવું નહીં. તેમ કરવાથી પુત્રનું મૃત્યુ થઈ જશે. બ્રાહ્મણે વિચાર્યું કે પછી થઈ પડશે હાલ વરદાન તો સ્વીકારી લઉં.

વરદાન મેળવી બ્રાહ્મણ ઘેર આવ્યો. વખત જતાં તેને ઘેર પુત્રનો જન્મ થયો. એ વખતે ભવિષ્યવેતા જોશીજીએ પણ કહ્યું કે, 'આખી જીંદગી આ પુત્રનું મુખ તમારે જોવું જ નહી, તમારી દૃષ્ટિ પડતાની સાથે મહા અનિષ્ઠ થશે. પછી બ્રાહ્મણે વિચાર કર્યો કે ઘરમાં રહેવું અને પુત્ર તરફ નજર સરખી પણ ન કરવી એ તો કેમ બને ? જો સંન્યાસી બની જાઉં તો પુત્ર વિયોગનું દુઃખ તો ઉભું જ રહે. પણ જો વંશ રાખવો હોય તો તેમ કર્યા સિવાય છુટકો જ નથી. પછી યાત્રાનું નિમિત્ત કરી ઘેરથી ચાલ્યો ગયો. થોડા મહિનાઓ તીર્થયાત્રા કર્યા બાદ બ્રાહ્મણે સન્યાસ લઈને દુરના કોઈ નગરની ભાગોળે મોટો આશ્રમ બંધાવીને તે ત્યાં રહ્યો.

વખત જતાં કંઈ વાર લાગતી નથી. આજકાલ કરતાં પુરાં પંદર વર્ષ વીતી ગયાં. બ્રાહ્મણનો પુત્ર હવે મોટો થઈ ગયો હતો. થોડી ઘણી વિદ્યા પણ મેળવી લીધી હતી. ઘણા દિવસથી તેને જે વાત મનમાં ખૂંચ્યા કરતી હતી તે વાત પોતાની માતાને કહી, ''હે માતા ! ઘણા માણસો મારા પિતાની બાબતમાં વિવિધ વાતો કરે છે. તેમાં જે સત્ય હોય તે કહો. મારે મારા પિતાનાં દર્શન કરવા જવું છે. માતાએ પોતાના પુત્રને ઘણો સમજાવ્યો અને પોતે એ બાબતમાં અજ્ઞાત છે. એમ કહ્યું. છોકરાએ મક્કમ અવાજે કહ્યું કે જે પુત્રે પિતાના દર્શન કર્યા નથી તેનું જીવન નકામું છે. પિતાના દર્શન કરવાથી મારું મૃત્યું થશે એ મારે મન આનંદની વાત છે. મૃત્યનો મને ભય નથી માટે હું જઈને પિતાની શોધ કરીશ. પછી પોતાના કાકાને વાત કરીને તેમને સાથે લઈને સન્યાસી બની ગયેલા પોતાના પિતાની શોધ માટે ચાલ્યો.

કેટલાક મહિનાઓ સુધી બંને જણા ખૂબ જ ફર્યા. ઘણાં નગરો, તીર્થો, જંગલો જોયા પણ ક્યાંય તેના પિતા મળ્યા નહિ. એક વખત તેઓ સાંજના સમયે કોઈ નગરમાં પ્રવેશ કરે છે. ત્યાં તો દરવાણીએ અટકાવીને કહ્યું અત્યારે આ દેશમાં પ્લેગનો રોગ ચાલે છે. જેથી બહારગામથી આવેલાને અંદર પ્રવેશવાની સખ્ત મનાઈ છે. બંને જણા પાછા વળ્યા. અંધારુ થઈ ગયું હતું. વાઘ-વરૂઓના ભેંકાર અવાજ પાસેના જંગલમાંથી સંભળાતા હતા. હવે ક્યાં જવું શું કરવું તેની ચિંતા થવા લાગી. થોડે આગળ જતાં એક વિશાળ મકાન જોયું. તેથી તેમની ચિંતા ઓછી થઈ અને ત્યાં સૂઈ રહેવાની ઈચ્છાથી બારણું ખખડાવ્યું. બારણું અંદરથી બંધ હતું. થોડી વારે અવાજ આવ્યો કે ચાલ્યા જાઓ આ ધર્મશાળા નથી. આ તો સન્યાસીઓને રહેવાનો આશ્રમ છે. ''અરે ઓ સ્વામીજી ! અમે દૂરથી આવીએ છીએ. શહેરમાં પેસવા દીધા નહી. બહાર તો હિંસક જાનવરોના અવાજ સંભળાય છે. આજની રાત પડી રહેવા દો. મહારાજ અમે બ્રાહ્મણ છીએ.'' એવી રીતે ખૂબ જ

વિનંતી પૂર્વક કહ્યું પણ સન્યાસીનું હૃદય પીગળ્યું નહીં અને નિર્દયતા ભર્યા અવાજથી ચોખ્ખી ના સંભળાવી દીધી. બહાર ઉભેલા બંને જણાએ વિચાર્યું કે ચાલો દિવાલ કૂદીને અંદર જઈ એક બાજુ પડ્યા રહીશું. અપમાન કરશે તો સહન કરી લઈશું. પણ વાઘના ભયથી તો બચીશું. પછી આ વિચાર પ્રમાણે પ્રવેશ કર્યો. એ જોઈને સન્યાસી તો હાથમાં લાકડી લઈને, ''ભૂત જેવા, જંગલી, ક્યાંકથી ચેપ લઈને આવ્યા હશે ને આશ્રમમાં રોગ ફેલાવશે.'' ક્રોધ ભર્યા અવાજે ઉપર પ્રમાણે ગાળો ભાંડતો આવીને જ્યાં લાકડી મારવા જાય છે કે એ જ વખતે બ્રાહ્મણ પુત્રનું ત્યાં જ મૃત્યુ થઈ જાય છે. (પૂર્વના સંકેત પ્રમાણે) સન્યાસીએ છોકરાના શબને લાકડીના હડસેલા વડે પગની અડફેટે ચડાવીને દરવાજા બહાર ફેંકી દઈને તેના કાકાને ધક્કા મારી આશ્રમ બહાર કાઢી. બારણું બંધ કરીને સૂતો.

હવે બહાર એક બાજુ બેસીને છોકરાનો કાકો ઊંચે સાદે રડવા લાગ્યો. રડતાં રડતાં પોતાનું વતન તથા તે છોકરાની માનું નામ લઈને તથા તેના બાપાને (પૂર્વના નામથી) યાદ કરીને ખૂબ જ વિલાપ કરવા લાગ્યો. એ સાંભળીને સન્યાસીને થયું કે આ બધું મને જ મળતું આવે છે. કદાચ મારો જ પુત્ર તો નહીં હોય ? ઉતાવળો બહાર આવીને પૂછવાથી ખાતરી થઈ કે મારો પુત્ર છે. પછી તો પુત્રના શબને ભેટી બેફાટ રડવા લાગ્યો. પોતાનું માથું જમીન ઉપર અફાળી અફાળીને બેભાન બની ગયો.

આ દૃષ્ટાંત ઉપરથી જાણી શકાશે કે જે સન્યાસી ઘડી પહેલાં જેના ઉપર નિર્દયતા વાપરતો હતો. નિરાધાર માણસને થોડો આશ્રય આપવાની ઉદારતા પણ બતાવી શક્યો નહીં. તે આટલો બધો દયાદ્ર કેમ બની ગયો ? વાત સ્પષ્ટ છે કે પહેલાં એ છોકરો ''મારો'' છે એવી મતત્વ બુદ્ધિ ન હતી. પછી મમત્વ બુદ્ધિ થવાથી બહુ દુઃખ આવીને વળગ્યું. એ રીતે મમત્વ બધાં દુઃખનું કારણ બને છે. નાશવંત વસ્તુ પ્રત્યે દૃઢ મમતા હોય અને પછી સાચા સુખની ઈચ્છા રાખવી એ તો અંધારામાં સૂર્ય દર્શન કરવાની ઈચ્છા રાખવા બરાબર છે.

સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં માયાની વ્યાખ્યા સમજાવતાં કહ્યું કે, ''જીવને દેહ અને દેહના સંબંધીને વિષે અહં-મમત્વને કરાવનારી એવી માયા. એ જેને ભગવાનનો દૃઢ આશરો હોય તે સહેજે તરી જાય છે.''


શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી.

**From-IV (see Rule : 8)**

| | | | |
|---|---|---|---|
| ૧. | **પ્રકાશન સ્થળ** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | **પ્રકાશન સમય** | : | માસિક દર મહિને |
| ૩. | **મુદ્રકનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | **તંત્રીનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | **માલિક** | : | **શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ.** |
| | **(સંસ્થાપક)** | | **આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી**

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

(પ્રકાશકની સહી)

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**''આનંદની ખોજ ક્યારે બંધ થાય છે''**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

પરમાત્માની પ્રાપ્તિ મુશ્કેલ નથી પરંતુ પરમાત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છા થવી એ મુશ્કેલ છે. આપણા કેટલા બધા જન્મ અત્યાર સુધી થઈ ગયા હશે ? આપણે આ સંસારમાં ફર્યા કરીએ છીએ તો તેનો અર્થ એવો જ થાય છે કે અત્યાર સુધી આપણને પરમાત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છા જ નથી થઈ. સંસાર બાધક નથી. પરંતુ સંસારથી સુખની કામના રાખવી તે બાધકતા છે. આપણે સંસારનો ઉપયોગ કઈ રીતે કરીએ છીએ તે આપણા પર નિર્ભર છે. મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો પછી તેની ઉપયોગિતા માણસ કઈ રીતે કરે છે તે માણસ પર નિર્ભર છે. જો મનુષ્ય જીવનની સદ્‌પયોગિતા કરવામાં આવે તો માણસ મહાન બની શકે છે. આપણે મનુષ્ય જીવનનો સદ્‌પયોગ કરવો તેનો અર્થ એવો થાય છે કે આપણે જે કાર્ય કરીએ છીએ તે ધ્યાન રાખીને કરવાનું છે. જે કાંઈ કરી રહ્યા છીએ તેનો ઉદ્દેશ શું છે ? આ કાર્ય કરવાથી મને શું પ્રાપ્ત થશે ? આપણે જે કાર્ય કરી રહ્યા છીએ તે આપણી મુક્તિનું કારણ બનશે કે બંધનનું કારણ બનશે ? તે વિચારી લેવાનું. આપણે કાર્ય વિચારીને કરી શકીએ તેવી મહારાજે આપણને શક્તિ આપી છે. આપણું મન ચંચળ હોય ત્યારે સારા વિચારો આવતા નથી. મન કરતા બુદ્ધિને વધારે મહત્વ અપાયુ છે. જ્યારે આપણી બુદ્ધિ સ્થિર નથી હોતી ત્યારે અજ્ઞાનથી નિર્ણય લેવાય છે. અને જ્યારે અજ્ઞાનથી નિર્ણય લેવાય છે ત્યારે આપણે વધારે દુઃખી થઈએ છીએ. આપણને ખબર નથી પડતી કે આપણે પશુ જેવું જીવન વ્યતિત કરી રહ્યા છીએ. પોતાની જાતને રોજ એક વખત પાંચ મિનિટ બેસીને પૂછવાનું કે ''મને શું જોઈએ'' ? કોઈપણ વ્યક્તિ પોતાની જાતને પૂછશે કે 'મને શું જોઈએ' ? તો જવાબ બધાનો એક જ સરખો છે કે સુખ અને આનંદ. બધાની પ્રકૃતિ, સ્વભાવ બધું એટલું બધું જુદું છે કે દરેક વ્યક્તિમાં એટલી બધી વિષમતા છે કે કોઈ પણ બે વ્યક્તિની અંગુઠાની છાપ પણ સરખી મળતી હોતી નથી. તેમાં પણ વિષમતા છે. છતાં પણ મને શું જોઈએ ? તો તેના જવાબમાં દરેક વ્યક્તિ માટે ખૂબ સમાનતા છે. તો ૯૯% લોકો કહે છે કે અમે સુખને માટે દોડાદોડ કરીએ છીએ. પણ સુખ બધાને મળતુ નથી. પણ ખૂબ ઓછા લોકોને મળે છે. તો જે લોકોને સુખ મળતુ નથી તેનું કારણ એ છે કે તેમને સુખની પરિભાષા જ ખબર નથી કે 'શાશ્વત સુખ શું છે.' આ જગતમાં આવીને માણસ 'પરિવાર', 'ઘર', 'સંપત્તિ', 'સંતાન', 'સત્તા' વગેરે જે જોઈએ છે તે બધું મેળવે છે. તો પણ સુખી નથી તો પણ આનંદની ખોજ ચાલું જ હોય છે. પણ આનંદની તૃપ્તિ નથી. તો એ જે આનંદની ખોજ છે તે એ વાતની સાબિતી છે કે બધા આસ્તિક છે. બધા આનંદની ખોજમાં જ છે. અને સાચો આનંદ પરમાત્મામાં જ છે. ખાલી સમજમા ફેર છે. તેમને ખબર નથી અને આપણને ખબર છે કે શાશ્વત સુખ એટલે 'પરમાત્મા'. જે લોકોને સત્સંગ નથી મળ્યો એ લોકોને 'સમાજ' પાસેથી અને 'સંસાર' પાસેથી સુખ (આનંદ) જોઈએ છે. સત્સંગી શું કહે છે. 'ભગવાન જોઈએ છે.' હકીકતમાં બધા ભગવાનને જ શોધે છે. અને દેવતાઓ પણ અનંત આનંદની પ્રાપ્તિ ઝંખે છે. જે કાંઈ આ લોકમાં કામ, ક્રોધ, માન, માયા, લોભ છે. આ બધું સ્વર્ગમાં પણ છે જ. આપણે વાતોમાં સાંભળીએ છીએ ને કે ઈન્દ્રએ પોતાના સિંહાસન માટે આવું કર્યું. આવી લડાઈ દેવતાઓમાં થઈ. તો ત્યાં પણ બધું નડે છે. તો દેવતાઓ પણ 'અતૃપ્ત' છે. તેમને પણ સાચો આનંદ મળ્યો જ નથી. તો સવાલ એ થાય છે કે આ બન્નેમાં શ્રેષ્ઠ કોણ ? તો દેવતાઓ આપણા કરતા શ્રેષ્ઠ છે. કેમ કે, ત્યાં આપણા કરતા વધારે સુખ છે. પરંતુ દેવતાઓ પાસે પરમાત્માને પ્રાપ્ત કરવાની તક નથી. માટે આપણે દેવતાઓ કરતા વધારે ભાગ્યશાળી છીએ. આપણી પાસે નવું પુણ્ય ઉપાર્જન કરવાની શક્તિ પણ છે. અને પરમાત્માને પ્રાપ્ત કરવાની તક પણ છે.

આપણી અંદર સુખ મેળવવા માટે મુખ્ય બે વસ્તુ છે. એક જડ અને બીજુ ચેતન. તો જડ એટલે 'શરીર' અને ચેતન એટલે 'આત્મા' તો શરીરને 'સંસાર' જોઈએ છે. અને આત્માને 'પરમાત્મા' જોઈએ છે. અને પરમાત્માને શું જોઈએ ? તો પરમાત્માને કાંઈ પણ ન જોઈએ. માત્ર જેવા આપણે જન્મ્યા હતા ત્યારે જેવા નિખાલસ હતા તેવા બની જવાનું. જેમ જેમ મોટા થઈએ છીએ તેમ તેમ છળ, કપટ બધું ચાલું થઈ જાય છે. નાનું બાળક હોય તેને તમે ગમે તેમ શીખવાડો તો પણ તે સાચું જ કહેશે. એને જેવું 'દેખાશે તેવું જ બોલશે.' પરમાત્માને ઓળખવા ખૂબ કઠિન છે. એવું

વેદ અને શાસ્ત્રનું કહેવું છે. પરંતુ વેદમાં તેનો જવાબ પણ છે કે ભગવાનની કૃપા થાય છે ત્યારે ભગવાનનું સ્વરૂપ ઓળખાઈ જાય છે. તો ભગવાનની કૃપા ક્યારે થશે ? એ બધું ભગવાન પર છે. આપણને ખબર છે કે સાચા સંતો ભગવાનને પામી ગયા હતા. તો આપણા પર કૃપા થશે કે નહિ ? તો કૃપા મેળવવી હોય તો તેમાં પણ શરત છે. શરત ખૂબ સહેલી છે. અહંકારને છોડીને ભગવાનની ભક્તિ કરવાની અને શરણાગતિ સ્વીકારી લેવાની. શરણાગતિ સ્વીકારવાથી જ પરમાત્માની અનુભૂતિ થાય છે. આપણે શું કરીએ છીએ ? સંસારની શરણાગતિ સ્વીકારી અને ભગવાન પાસે આનંદની અપેક્ષા રાખીએ છીએ .અને પછી આનંદ ન મળે એટલે મંદિર, મૂર્તિ, સંતો, ભક્તો બધાને દોષિત ઠેરવીએ છીએ. તમે મીઠાઈ બનાવો અને તેમાં ખાંડની જગ્યાએ મીઠું નાખો પછી મીઠાઈ સરસ બને એવી અપેક્ષા રાખો તો શક્ય છે જે ઉમેરો તેવો જ સ્વાદ પ્રાપ્ત થાય છે. તો જ્યારથી આપણી યાત્રા ચાલું થઈ ત્યારથી દોષ આપણો જ છે. દુઃખ આવે ત્યારે દોષ બીજા પર નાખી દઈએ તેવું ન ચાલે. આપણી અંદર સંસારને ભરીને ભગવાનને પ્રાપ્ત કરવા જઈએ તેવુ ન બને, આપણે બીજાને બનાવવા જઈએ પણ ભગવાનને બનાવી શકવાના નથી. આપણી અંદર કચરો ભરેલો છે. તે કાઢીને અંતઃકરણ શુધ્ધ કરી પરમાત્મા માટે જગ્યા રાખવાની, પરમાત્મા સિવાય એક પણ વસ્તુ આવી તો પરમાત્મા જતા રહેશે. આત્માની તૃપ્તિ શેનાથી થાય છે ? તો પરમાત્માની પ્રાપ્તિથી થાય છે. અને પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય તો 'આનંદની ખોજ બંધ થઈ જાય છે.' તો આત્માને તૃપ્ત કરવા શરીરને સાધન બનાવી દેવું. આત્માને જે જોઈએ તે મળી જાય તેના માટે પ્રયત્ન કરવો. પરમાત્મા પ્રાપ્તિનું સાધન આ શરીરને બનાવી દેવું. અભ્યાસથી આ બધું જ શક્ય છે. તો રોજ થોડીવાર બેસીને અભ્યાસ કરવો. પરમાત્માને પ્રાર્થના કરવી જે પરમાત્માએ આપણને આટલું બધું આપ્યું છે તેને પ્રાપ્ત કરવા નિયમિત થોડો સમય કાઢી તપાસ કરતા રહેવું કે આપણી અંદર શું ભરેલું છે. રોજ પોતાની જાતને બે ત્રણ પ્રશ્નો પૂછવા. 'મનુષ્ય જીવનનો ઉદ્દેશ શું છે ?' 'મને શું જોઈએ ?' 'વધારે કિંમતી વસ્તુ શું છે ?' પરમાત્માની પ્રાપ્તિની વ્યાકુળતા હોય તો પરમાત્મા ચોક્કસ મદદ કરશે. કોઈને કોઈ રૂપમાં પરમાત્મા સંકેત આપે જ છે. માત્ર થોડું વિચારવાની જરૂર છે.

●

### નિંદા એ મહાન પાપ છે

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

સ્વદોષ જુઓ પરદોષનું કથન ન કરો. મનુષ્યનો મોટો ભાગ પોતામાં રહેલો દોષો જોવાને તત્પર હોતા નથી તે પારકા દોષો જોવા માટે જ તત્પર હોય છે. બીજામાં દોષ ન હોય તો પણ તેનામાં દોષનો આરોપ કરી તેવું કથન કરવામાં ઘણાને બહુ આનંદ આવે છે. ને તેને જ નિંદા કહેવાય છે. નિંદા કરવી એ યોગ્ય નથી. મનુષ્યો પારકી પંચાત ન કરતાં પોતે સુધરવું જોઈએ. એક સંત પુરૂષ કહે છે કે,

**"તું જે દુરાની કહા પડી, તું અપની નીવેડ,**
**તેરા નાવ સમુદ્રમે, ખેડ ખેડ અરૂ ખેડ."**

તારે બીજાની શી પડી છે. તારૂં પોતાનું કામ સુધાર. તારૂં વહાણ સમુદ્રમાં છે તેને તું ચલાવ અર્થાત્ તારે પારકી પંચાત શા માટે કરવી જોઈએ ?

જે મનુષ્ય પરનિંદા કરે છે તે મનુષ્ય મળમૂત્ર ઉપાડનારથી પણ હલકટ છે. તે તો પૈસા લઈને મળમૂત્ર ઉપાડે છે. પણ નિંદક વગર પૈસે પારકાના પાપ રૂપ મળને ઉપાડે છે. ભગવાનના ભક્તમાં નિંદા એ દોષ રહ્યો છે. માતા બાળકનો મળ સાફ કરે છે. તેમ દુષ્ટ માણસ, મુખ તથા હોઠથી બીજાના મળને શુધ્ધ કરે છે. માટે માતા કરતા દુષ્ટજન સો ગણો સારો છે. કેમ કે નિંદા વડે પાપરૂપી મળની શુદ્ધિ કરે છે.

**"નિંદા કરતલ મત મરજો, મરજો ઘરકા પુત,**
**ઓરકનું પાવન કરે, આપ સર્જે ભૂત."**

આ ચોપાઈનો અર્થ એ છે જે આપની નિંદા કરે તેને ભગવાન ૧૦૦ વર્ષનો કરે. કેમ કે આપણા પાપ ધોવે છે. માટે સમજુ માણસે કોઈની નિંદા કરવી નહિ. સન્યાંસીની નિંદાથી પશુધન નાશ પામે છે. સ્ત્રીઓની નિંદાથી ધન નાશ પામે છે. રાજાની નિંદાથી કુળનો નાશ થાય છે. ગુરુ નિંદાથી ઐશ્વર્યનો નાશ થાય છે. પુણ્યનો નાશ થાય છે. શ્રીકૃષ્ણમ્ વંદે જગત ગુરૂ. ગુરૂ નિંદા થાય તે સ્થળેથી તત્કાળ કાન બંધ કરીને જતા રહેવું. પણ સમર્થે નિંદકને શિક્ષા કરવી. ભગવાનની ને ભક્તોની નિંદા સાંભળી જતો રહે ને નિંદકને દંડ ન દે તો નિંદા સુણનારના પુણ્ય સર્વે નાશ પામે છે. નરકે જાય છે. ગુરૂ નિંદા સાંભળનારને આટલો દંડ મળે છે. તો નિંદકની ગતિ શું થાય ? માટે ગુરૂ નિંદા ન કરવી. કોઈમાં દોષ હોય તેને અન્યની આગળ પ્રગટ કરવી તેજ નિંદા. કોઈમાં દોષ ન હોય તેને અન્યની આગળ કહેવો તેને દ્રોહ કહેવાય. ભગવાન, ભક્ત, બ્રાહ્મણ, ગરીબ એ ચારનો દ્રોહ થઈ જાય તો જીવનું ભુંડું થાય છે. નિંદા અને દ્રોહ એ નરકમાં જવાના રસ્તા છે. માટે નિંદા એ મહાન પાપ છે. નિંદા જેવું કોઈ પાપ નથી ને સેવા જેવું કોઈ પુણ્ય નથી. પાપ નહી કર્યા છતાં પણ પોતાની જીભને વશ નહિ રાખવાથી નિંદકને બીજાનું પાપ ભોગવવું પડે છે. ને તે વડે દુઃખનો અનુભવ કરે છે. જે પ્રવૃત્તિથી પુણ્ય સંસ્કારો નાશ પામે તેવી નિંદા રૂપ પ્રવૃત્તિ શા માટે કરવી ?

ઘણાની જીભને બોલવાનો કુસ્વભાવ પડ્યો હોય છે. તેઓ તેને અટકાવી શકતા નથી. જીભમાં હાડકું નથી. એટલે

તે આમેય ચાલે ને તેમ ચાલે ? પ્રભુએ આંખ, કાનને ખુલ્લાં રાખ્યા છે. અને જીભ ને તે (૩૨) દાંતરૂપ પહેરેગીરોની વચ્ચે મૂકી છે. ઉપરાંત હોઠરૂપી બે બારણાવાળા મુખ રૂપી કિલ્લામાં તેને પૂરવામાં આવી છે. છતાંય તે શાંત રહેતી નથી. વ્યવહારના બીજા કામોમાં સારૂં નરસું જોવાય છે. તો બોલવામાં કે સાંભળવામાં પણ સારૂં નરસું જોવું જ જોઈએ. માણસ કાપડ કે શાક આદિ ખરીદવા જાય ત્યારે સારૂં નરસું જોઈને ભાવ પૂછીને જ ખરીદે છે. પણ બોલવામાં ઘણા માણસો સારા નરસાનો વિચાર કરતા નથી એજ મોટી ભૂલ છે.

સમજુએ તોળીને જરૂર જેટલું જ બોલવું જોઈએ. અને તે પણ સત્ય, પ્રિય ને હિતકર હોવું જોઈએ. પરનિંદા એ ખોટામાં ખોટી પ્રવૃત્તિ છે. વિવેકી માણસો એવી પ્રવૃતિ કદીય કરતા નથી. ભેંસના શીંગડા ભેંસને ભારે એમ તેઓ સમજે છે. આ દુનિયા વિશાળ છે. અનેક પ્રવૃતિવાળા માણસો છે. જે કરશે તો ભોગવશે માટે આપણે આપણું ભાવિ ના બગાડવું. પર નિંદા કરવામાં સમયનો દુરુપયોગ ન કરવો. બીજા કામ ક્યાં થોડા છે ? પરનિંદા કરવી નહિ તેમ સાંભળવી પણ નહિ. નિંદા નરક પ્રાપ્તિ કરાવનારી છે.

કેટલાક માણસોને નિંદા કરવી એ કોઠે પડી ગઈ છે. નિંદા કરવી એ સાકર જેવી મીઠી લાગે છે. ઈન્દ્રિયોને અંતઃકરણના અયોગ્ય વિકારો કુ-સ્વભાવોનો વેગ રોકવાનું કાર્ય ઉતાવળથી થઈ શકે તેવું નથી. ધીરે ધીરે દોષોને ઓળખીને ત્યજવાના છે. મનુષ્ય પોતાના ભારે દુઃખને કાળે કરીને ભૂલી જાય છે. તેમ મનુષ્યે પણ પોતાના ખરાબ સ્વભાવ - કુટેવો ટાળવાના પ્રયત્ન કરે તો ધીરે ધીરે છોડી શકે છે. દા.ત. સ્ત્રીને પોતાનો પતિ ગુજરી જાય ત્યારે ઘણું લાગી આવે છે. અને દિવસો અને મહિના તથા વર્ષો થઈ ગયા પછી સ્ત્રી પોતાના પતિની મુખાકૃતિ પણ ભૂલી જાય છે. જ્યારે ગુજરી ગયા ત્યારે રૂદન રોક્યું રોકી શકાતું ન હતું. પણ વર્ષો ગયા પછી પોતાના સગાના લગ્નમાં જાય છે ત્યારે ''આજ ઈડરીયો ગઢ જીત્યા રે આનંદ ભર્યો''. એવા લગ્નમાં ગીતો ગાય છે. આમ મનુષ્યનું અંતઃકરણ સ્થિતિ સ્થાપક સ્વભાવ વાળું છે. કાળે કરીને મનુષ્યના અંતઃકરણમાં પડેલા સંસ્કારને ઘસી નાખે છે. એટલે હૃદયનો ઘા ધીરે ધીરે રૂઝાતો જાય છે. આ પ્રમાણે મનુષ્ય પોતાની કુટેવો જેવી કે પરનિંદા કરવી, તે ધીરે ધીરે છોડી શકે છે.

આત્યાંતિક કલ્યાણ ઈચ્છનાર મનુષ્યે સર્વદા જાગ્રત રહેવાનું છે. ક્યારેય પણ ગાફલતા રાખવી નહિ. ઈન્દ્રિયો અને અંતઃકરણને શત્રુની પેઠે સંભાળવાના છે. છેલ્લી ઘડી સુધી તેમનો વિશ્વાસ કરવાનો નથી. મનુષ્ય જ્યારે બહાર જાય ત્યારે તો નેત્ર ઉપર અને વાણી ઉપર કાબુ જ રાખવો. તેમજ અયોગ્ય વાર્તા-લાપ કે પરનિંદા કરીને ધર્મબળ ન જ ગુમાવવું જોઈએ. જ્ઞાની મનુષ્યે ''જાતા ને જા ને મરતાને મર'' ન કહેવું જોઈએ. કેમ કે અયોગ્ય બોલવામાં લાભ નથી પણ નુકશાન છે. જીભ ન ખાવાનું ખાઈને પેટ તો બગાડે છે. પણ ન બોલવાનું બોલીને વ્યવહારને બગાડે છે. પ્રભુએ આપણને જીભ એક ને કાન બે આપ્યા છે. તેનો અર્થ એ થાય કે બે કાનેથી સાંભળો. તેનાથી અડધું બોલવું. મુખમાં જીભ છે તેનાથી વિષમય કે અમૃતમય વાણી બોલાતી હોય છે. આપણે કોઈનું બગાડીએ નહિ તે તો બરાબર જ છે. પરંતુ કોઈનીય સાથે આપણે બોલીને બગાડીએ નહિ એ પણ એટલું જ જરૂરી છે. પેટમાં જતું ઝેર તો માણસને એક ઝાટકે સમાપ્ત કરી દે છે પણ કાનમાં જતું વાણીનું ઝેર તો માણસને ધીમે ધીમે સહુને ખતમ કરે છે. ટૂંકમાં કહીએ તો પરનિંદા અને પરચર્ચા સાધકના માર્ગમાં બાધક બને છે. જીવનમાં સુખી રહેવું હોય તો હમેંશા પાણીને કપડાના ટુકડાથી અને વાણીને વિચાર-વિવેકના ગરણાથી ગાળીને જ વાપરવું. ઓછું બોલવું ને મૌન રહેવું તેમાંય ઘણો ફાયદો છે. ફુલો બધાયને ગમે છે કારણ કે તે મૌન રહીને સુગંધ આપે છે. તેમ જીભને ધૈર્ય ને જાગૃતિથી વશ રાખવી. પર નિંદાથી બચવું. જેથી ધર્મબળની પ્રાપ્તિ થાય છે.

●

### જ્યાં સંપ ત્યાં શ્રીહરિ અને સુખ

- સાં.યો. કુંદનબા ગુરુ સાં.યો. કંચનબા (મેડા)

વ્હાલા ભક્તો ! સત્સંગના ત્રણ દીકરા છે, તેમના નામ સદ્‌ભાવ, સ્નેહ અને સંપ, સદ્‌ભાવ, સ્નેહ અને સંપ આ ત્રણે ભાઈઓ ભેળા જ રહે છે. કરોડો વર્ષો વીતી ગયા પણ હજુ સુધી જુદા નથી થયા. જ્યાં સદ્‌ભાવ હોય, ત્યાં સંપ આપોઆપ આવે છે. ભક્તો ! જીંદગીનો સાચો આનંદ સંપમાં છે, સંપત્તિમા નથી. જ્યાં સંપ ન હોય ત્યાં રસોડામાં દરરોજ અન્નકૂટ થતો હોય. છતાં એનો આનંદ ન હોય, જ્યાં સંપ હોય ત્યાં અડધો રોટલો વહેંચીને ખાતા હોય છતાં સૌના મોઢા ઉપર આનંદ હોય છે, ગૌરવ હોય છે. કોઈ પણ ક્ષેત્રમાં આનંદથી દિવસો પસાર કરવા હોય તો સંપને યાદ રાખો. તમામ સુખોનું મૂળ સંપ છે. તમામ સુખોનો પાયો સંપ છે. વહાલા ભક્તો ! કુસંપ તો ભોજનમાં આવતી કાંકરી જેવો છે. દાળ ભાત ખાવા બેઠા હો કે માલપુવા. પણ કડાક દઈને એક કાંકરી દાંત વચ્ચે આવે તો આખી થાળીની મજા બગાડી નાંખે, એ રીતે કુસંપ, કુટુંબની સત્સંગની કે કોઈ પણ ક્ષેત્રની મજા બગાડી નાખે છે. સંપ વિના સમાજમાં ક્યાંય સુખ મળતું નથી. આપણા હાથના અંગુઠા અને આંગળીઓ વચ્ચે કેટલો બધો સંપ છે. ગુજરાતીમાં કહેવત છે કે ''બાંધી મુઠ્ઠી લાખની'' બાજરીના દાણાની મુઠ્ઠી ભરી હોય તો એક પણ દાણો મુઠ્ઠીમાંથી નીચો ન પડે. ચાર આંગળીઓ પોતાની જગ્યાએ ગોઠવાય જાય અને અંગુઠો ઉપરનું ઢાંકણું બની

જાય છે. ભક્તો ! આંગળી અને અંગુઠામાં રહેલો સંપનો ઉપદેશ વિચારવા જેવો છે. કોઈ નાની, કોઈ મોટી, કોઈ જાડી, કોઈ ઠીંગણી એમ બધી આંગળીઓ એક સરખી નથી છતાં પણ કેવા સંપથી રહે છે. તેમ ઘરમાં કે સત્સંગમાં બધા એક સરખાં ન હોય, છતાં પણ જયારે પ્રતિષ્ઠાનો કે પરિસ્થિતિ કે ભક્તિનો પ્રશ્ન આવે ત્યારે એક થઈ જવું પડે. વહાલા ભક્તો ! આપણે એક બાપના દીકરા છીએ. સંપથી રહીશું તો આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન રાજી થશે. પણ સદ્‌ભાવ નથી હોતો એટલે સમય ઉપર સંપ યાદ નથી આવતો. તમારૂં મકાન બે લાખનું હોય કે બાવીસ લાખનું ઘરમાં સાવરણી રાખવી જ પડે. ગમે તેવા સમૃદ્ધિવાળા હો પણ સોના-ચાંદીની સળીઓની સાવરણી બનતી નથી. ઘાસની સળીઓથી જ સાવરણી બને છે. ઘાસની સળીઓ એક દોરીથી સજ્જડ બંધાય રહે છે તો એમાં એટલી શક્તિ આવે છે કે ઘરનો કચરો બહાર ફેંકી શકે છે પણ જો દોરીથી બંધાય નહીં તો એ પોતે જ કચરો બની જાય છે. સાવરણીમાંથી કોઈ પૂંખડાં છૂટાં પડે એ અન્ય કચરા સાથે વળાઈ જાય અને બહાર ફેંકાઈ જાય છે. આપણો ભલે મોટો મોભો કે ઊંચો હોદ્દો ન હોય, સાવરણીમાં રહેલા તણખલાં જેવા હોઈશું પણ સંપની દોરીમાં જો બંધાયેલા રહીશું તો આપણા ઘરનો કચરો બહાર ફેંકી શકીશું એટલી શક્તિ આપણામાં આવશે. તમે ઓછું કમાતા હો કે વધુ એ મહત્વનું નથી. તમે બહુ ભણેલા હો કે ઓછું એ કંઈ મોટી વાત નથી. પણ ઘરમાં સંપનું વાતાવરણ જાળવવાની નાના મોટા સૌની જવાબદારી છે. જુની કહેવત છે કે ''મોભને બે બાજુથી ખીલા લાગે.' હવે તો મોભ જતા રહ્યા સિમેન્ટ ક્રોંક્રિટના જમાના આવી ગયા છતાં પાટડાને બે બાજુનું વજન તો સહન કરવું જ પડે છે. ઘરમાં સંપ જાળવવો હોય, કુટુંબમાં સુખ જાળવવું હોય, આનંદ જાળવવો હોય, સંપત્તિ જાળવવી હોય તો નાના અને મોટા વચ્ચે સંપનું વાતાવરણ કેમ જળવાય એ વિચારણા પ્રત્યેક સમયે ઘરના પ્રત્યેક સભ્યોએ કરવી જ પડે. ઘરમાં સંપ હશે તો સ્વામિનારાયણ ભગવાન તમારા ઘરમાંથી બહાર નહિ જઈ શકે અને કુસંપ હશે તો ભગવાનને તમે રોકી નહી શકો, ભગાવન જતા જ રહેશે.

ઉત્તર ગુજરતામાં કરજીસણ નામે એક ગામ છે. સ્વામિનારાયણ ભગવાન ત્યાં ચોત્રીસ વખત પધાર્યા છે. યાત્રા ધામ જેવું એ સુંદર ગામ છે. કરજીસણના હરિભક્ત ગોવિંદજીભાઈ સત્સંગી બહુ સારા હતા. શ્રીજી મહારાજે રાજી થઈને કહ્યું કે ગોવિંદજીભાઈ માંગો ત્યારે ગોવિંદજીભાઈ કહે મહારાજ આપ કૃપાળુ, દયાળુ મારા ઉપર રાજી છો પછી બીજું શું માગવાનું હોય, મહારાજ, કંઈ ઈચ્છા નથી. તમે રાજી છો પછી બીજું શું માગવાનું હોય, મહારાજ, કંઈ ઈચ્છા નથી. તમે રાજી છો એ અમારા માટે સર્વસ્વ છે. ભક્ત ઉપર પ્રસન્ન થઈ સ્વામિનારાયણ ભગવાને કહ્યું તમારા ઘરમાં રહેલી આ કોઠીમાંથી અનાજ નહિ ખૂટે. અમે રાજી થઈને વગર માંગ્યે તમને વરદાન આપીએ છીએ. એ અનાજ તમે ઘરમાં વાપરજો, બીજાને આપજો, સદાવ્રત ખોલજો.આ કોઠીમાંથી અનાજ નહિ ખૂટે. આટલું કહીને શ્રીહરિએ વિદાય થવાની રજા માગી ત્યારે ગોવિંદજીભાઈએ પૂછ્યું. મહારાજ, ક્યાં સુધી કોઠીમાંથી અનાજ આવશે ? સ્વામિનારાયણ ભગવાન કહે, જ્યાં સુધી તમારા કુટુંબમાં સંપ રહેશે ત્યાં સુધી આ કોઠીમાંથી અનાજ આવ્યા જ કરશે. અને એ વરદાનનો અનુભવ વર્ષો સુધી પરિવારને થયો હતો. આ કથા આજની તારીખે દરેકે પોતાના કુટુંબ સાથે સરખાવવા જેવી છે. સંપ હોય ત્યાં કોઠીમાં દાણા ન ખૂટે. કુસંપ હોય એના ઘરમાં માટલામાંથી પાણી પણ ખૂટી જાય.

મછિયાવના ફૈબાની વાત સત્સંગમાં ખૂબ જાણીતી છે. તે આપણે બધા જ જાણીએ છીએ. શ્રીજી મહારાજ એક મહિના સુધી મછિયાવમાં રોકાયા હતા. અને વસંતના ઉત્સવો કર્યા હતા. મહારાજે ઘણા સમજાવ્યા છતાં પણ ફૈબાએ દીકરાની વહુને પાછા તેડી લાવવાની વાત ન માની તેથી શ્રીજી મહારાજ ફૈબા ઉપર અતિ કુરાજી થઈને ચાલ્યા ગયા. ભક્તો! સાસુ-વહુના કુસંપના કારણે શ્રીજી મહારાજ અને સંતો ભૂખ્યા મછિયાવમાંથી ચાલ્યા ગયા હતા. જ્યાં દોમ દોમ સંપત્તિના ઢગલા હતા. ત્યાં દુઃખદ, દારિદ્રપૂર્ણ પરિસ્થિતિ આવી ગઈ. વહાલા ભક્તો ! કુસંપનો નાનો તણખો પણ સુખના ગોડાઉનમાં મોટી આગ લગાડી દે છે. જો આપણા ઘરમાં કુસંપ હશે તો સ્વામિનારાયણ ભગવાન આજે પણ આપણા ઘરના સિંહાસનમાંથી ઊભા થઈને ચાલતા થઈ જશે. કારણ કે ભગવાનને કુસંપ ગમતો જ નથી. ''જ્યાં સંપ ત્યાં શ્રીહરિ.''

વ્હાલા ભક્તો ! ઘરમાં કે સત્સંગમાં જો સંપ જાળવવો હોય તો અહમ્ નો ત્યાગ કરજો, અહંકારનો ત્યાગ કરજો. હું મોટો, હું ભણેલો, હું રૂપિયાવાળો, આવો અહંકાર સંપને સળગાવી દે છે. જો શ્રીહરિની કૃપા જોઈતી હોય તો આવા કોઈ પ્રકારનો અહંકાર જીવનમાં આવવા દેવો જ નહી. શ્રીજી મહારાજ કહે છે કે

દાસના દાસ થઈ રહી, જે રહેશે સત્સંગમાં,
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં

વ્હાલા ભક્તો ! પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન અને મોટાપુરુષના ચરણોમાં વંદન કરી પ્રાર્થના કરીએ કે અમે બધા સત્સંગમાં અને કુટુંબમાં સંપથી રહી આપનો રાજીપો પ્રાપ્ત કરી શકીએ.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિરમાં જવું ''શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં ક્યા શ્લોકમાંઆજ્ઞા કરી છે?''

**પ્ર. ૨** શ્રી નરનારાયણ આપણને હાથીએ બેસારે તો હાથીએ બેસીને રાજી રહેવું અને ગધેડે બેસારે તો ગધેડે બેસીને રાજી રહેવું અને એ શ્રી નરનારાયણદેનના ચરણારવિંદ વિના બીજે ક્યાંય પ્રીતિ રાખવી નહિ.... આ વાત સ્વામિનારાયણ ભગવાને ક્યા વચનામૃતમાં કહી છે ?

**પ્ર. ૩** ''પછી દિવસ વળતો, પધરાવી છે મૂરતિ, નરનારાયણદેવ ડેરો, બેઠા બેઉ બદરીપતિ.'' સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ભક્તચિંતામણી ગ્રંથના ક્યા પ્રકરણની કડી છે.

**પ્ર. ૪** સ.ગુ. મોટા નૃસિંહાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં ક્યાંના રાજા હતા ?

**પ્ર. ૫** મહેમદાવાદનાં દુર્લભરામ અને બેચરભાઈ બેઉ બ્રાહ્મણ શ્રીજી મહારાજના એકાંતિક ભક્ત, વ્યવહારના પ્રસંગથી બન્ને વચ્ચે ખેંચતાણ થવાથી અબોલા થયા. શ્રીજી મહારાજને ખબર પડતાં સમાધાન કરવા માટે આવ્યા ત્યારે બેચરભાઈએ કહ્યું કે મહારાજ તમે જેમ આજ્ઞા કરો તે પ્રમાણે કરવા તૈયાર છું પછી દુર્લભરામને બોલાવ્યા ને વાત કરી ત્યારે તેમણે શું કહ્યું ?

**પ્ર. ૬** ''રે ધરીયા અંતર ગિરધારી, શું કરશે ધોવ્યા હવે સંસારી.'' - આ કીર્તનની રચના કોણે કરી છે.

**પ્ર. ૭** બ્રહ્મમીમાંસા અને શાંડિલ્ય સુત્રભવિષ્યમ નામના ગ્રંથના રચયિતા જણાવો.

## જાન્યુઆરી-૨૦૧૫ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** ભગવાનને પોતાનો દેહ, ધામ, કુટુંબ સર્વસ્વ અર્પણ કરી દે, ભગવાનની સેવા પોતાના દેહથી કરી, થાળ બનાવી, જળલાવવું, વાસણ માજવા, મંદિર લીંપવુ આદિ ક્રિયા પોતે કરે પણ બીજા પાસે ન કરાવે તથા ભગવાનને ધર્યા સિવાય અન્ન જળ ન લે તેને આત્મનિવેદી ભક્તિ કહેવાય. **(૨)** સંવત ૧૮૭૮ ફાગણ સુદી-૩ **(૩)** નારાયણકવચ અને હનુમાનજીના મંત્રનો જપ કરવો. **(૪)** જ્યાં ઈન્દ્રિયોની ધારા કુંઠિતથાય તે નૈમિષ્યારણ્યતીર્થ કહેવાય. **(૫)** સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી. **(૬)** લોજ ગામે **(૭)** શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ, નિરૂકત

૧ ચંદ્રિકાબેન વિનોદભાઈ પટેલ (મેમનગર)
૨ દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર)
૩ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૪ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૫ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૬ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૭ સીતાપરા ગોરધનભાઈ (હીરાવાડી-બાપુનગર)
૮ પટેલ મેધાબેન કમલેશભાઈ (કુહા)
૯ ભાવસાર કપીલાબેન નટવરલાલ (લાંઘણજ)
૧૦ ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૧૧ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૧૨ પટેલ પારૂલ એસ. (સુરેન્દ્રનગર)
૧૩ સોની પલ્લવી આર. (સુરેન્દ્રનગર)
૧૪ પટેલ ચંપાબેન વિઠ્ઠલભાઈ (સુરેન્દ્રનગર)
૧૫ સાં.યો. કોકિલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૬ શોભના કિશોરભાઈ (ઝોલાપુર)
૧૭ પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૮ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૧૯ પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૨૦ પટેલ અંબાલાલ હીરદાસ (રાણીપ)
૨૧ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૨૨ પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૨૩ સ્વામિનારાયણ મંદિર (હર્ષદ-બાપુનગર)
૨૪ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૨૫ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૨૬ પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણા)
૨૭ પટેલ ઈશ્વરભાઈશામજીભાઈ (અખીયાણા)
૨૮ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૨૯ પટેલ સરોજબેન માધવલાલ (મારૂસણા)
૩૦ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૩૧ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૩૨ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૩૩ બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૩૪ પટેલ અલકા ડી. (લુણાવાડા)
૩૫ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (વાડીગામ-દરિયાપુર)
૩૬ મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર મંદિર)
૩૭ પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૩૮ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૩૯ ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૪૦ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ઉંઝા)
૪૧ ભાવસાર નિકીતા બી. (કાલુપુર)
૪૨ સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર હવેલી)
૪૩ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૪૪ પટેલ રેખાબેન કિર્તીકુમાર (ઉંઝા)
૪૫ આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૪૬ ઓચ્છવ મંડળ સ્વામિ. મંદિર (એપ્રોચ-બાપુનગર)
૪૭ સાધુ ધર્મકિશોરદાસજી સ્વા. મંદિર (એપ્રોચ-બાપુનગર)
૪૮ સાં.યો. રંજનબા તથા નાનીબેન સ્વા. મંદિર (વિટાનગર)
૪૯ સાં.યો. સુરજબા જવરબા પાર્ષદ દર્શનાબેન (વાવોલ મંદિર)
૫૦ પટેલ ઉષાબેન મંગળભાઈ (વાવોલ)
૫૧ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર-મૂળી)
૫૨ સાં.યો. રામબાઈ ધનજી વરસાણી, સાં.યો. જયશ્રીબેન પ્રવિણ વરસાણી (મીરજાપર-કચ્છ)
૫૩ સાં.યો. શ્યામબાઈ અરજણ હીરાણી, સાં.યો. ધનજી શામજી ભંડેરી (મીરજાપુર-કચ્છ)
૫૪ શારદાબેન હસમુખભાઈ (વાવોલ)
૫૫ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૫૬ ઘરસભા બહેનો (લુણાવાડા)
૫૭ પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૫૮ પટેલ ત્રિભોવનભાઈ લક્ષ્મણભાઈ (નવાવાડજ)
૫૯ પટેલ ભાવનાબેન નટવરભાઈ તથા સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૬૦ સોની વર્ષાબેન અરવિંદભાઈ (સી.જી. રોડ)
૬૧ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૬૨ પરમાર મહેન્દ્રભાઈ નરશીભાઈ (રાજકોટ)
૬૩ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૬૪ ઠક્કર પારૂલબેન યોગેશકુમાર (મેમનગર)
૬૫ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૬૬ પટેલ ભગવાનદાસ (વિહાર)
૬૭ પટેલ નટુભાઈ પી. (થોડમલપુરા)
૬૮ પટેલ સોમાભાઈ નરસીભાઈ (ઘાટલોડીયા)
૬૯ મહેશ ભગત પૂજારી (ઘાટલોડીયા)
૭૦ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૭૧ કડિયા દિના જયસુખભાઈ (ઈન્દૌર)
૭૨ ભોરણીયા નથુભાઈ (ઘુંટું મોરબીનું)

# સત્સંગ સમાચાર

**પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૨ મો પાટોત્સવ મહોત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી શ્રી અમદાવાદમાં બિરાજમાન પરમ કૃપાળુ ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવનો ૧૯૨ મો પાટોત્સવ મહોત્સવ અ.નિ. પ.ભ. પ્રહલાદભાઈ પૂંજાભાઈ તથા રઈબેન પ્રહલાદભાઈ પટેલ પરિવારના દિવ્ય સંકલ્પથી આપણા પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી), પ.ભ. રમેશભાઈ પ્રહલાદભાઈ પટેલ અને પ.ભ. પ્રકાશભાઈ પ્રહલાદભાઈ પટેલ, પ.ભ. અમિતભાઈ, પ.ભ. તુષારભાઈ આદિ પરિવારે તા. ૨૦-૨-૧૫ ના રોજ શ્રી નરનારાયણદેવના ૧૯૨ માં પાટોત્સવના ઉપલક્ષમાં શ્રી નરનારાયણદેવની પૂજા વિધિ આદિ સુંદર રીતે કરી હતી.

ફાગણ સુદ-૩ ને તા. ૨૧-૨-૨૦૧૫ ના પ્રાતઃ શ્રી નરનારાયણદેવ સમક્ષ યજમાન પરિવારે પૂજન અર્ચન આદિ કર્યું હતું. સવારે ૬-૩૦ થી ૭-૦૦ પર્યન્ત પરમ કૃપાળુ શ્રી નરનારાયણાદિ દેવોનો ષોડશોપચાર મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થયો હતો. હજારો દેશ વિદેશના હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પ્રાસંગિક સભામાં યજમાન પરિવારના પ.ભ. દશરથભાઈ (ટ્રસ્ટીશ્રી) પ.ભ. રમેશભાઈ, પ.ભ. પ્રકાશભાઈ અને તેમના પુત્ર પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વા. આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વા. નિર્ગુણદાસજી, સ.ગુ. શા. સ્વા. નારાયણવલ્લભદાસજી, શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી, ગાંધીનગર) આદિ સંતોએ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવનો મહિમા અને યજમાન પરિવારની દેવ, આચાર્ય પરત્વેની નિષ્ઠાને બિરદાવી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવી અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા. (શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં શ્રીહરિ પ્રાકટ્યોત્સવ રામનવમી સમૈયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તેમજ અત્રે કાલુપુર મંદિરના સ.ગુ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ચૈત્ર સુદ-૯ ના શ્રીહરિ પ્રાકટ્યોત્સવ શ્રી રામનવમીની સમૈયો પરંપરાગત રીતે ધામધૂમથી ઉજવાયો. પ્રાતઃ ૬-૩૦ થી ૭-૦૦ અક્ષર ભુવન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો. આખો દિવસ દર્શનાર્થીઓની ભીડ જોવા મળી હતી. રાત્રે ૮-૩૦ થી ૧૦-૦૦ પર્યન્ત મંદિરના પ્રસાદીના ચોકમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં શ્રી જયેશભાઈ સોની અને તેમની ટીમે સુંદર ભજન સંધ્યા કાર્યક્રમ અને ગરબાની રમઝટ બોલાવી હતી. બહેનોની હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજા પધાર્યા હતા.

અત્રે ૧૦-૧૦ મિનિટે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિ પ્રાકટ્યોત્સવ આરતી ધામધૂમ અને આતશબાજી સાથે થઈ હતી. સમગ્ર પ્રસંગમાં બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, હરિચરણ સ્વામી, જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી આદિ સંત મંડળે સુંદર વ્યવસ્થા કરી હતી. (ઉર્મિક પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ૧૯ મો પાટોત્સવ**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અને અત્રેના મહંત સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી તથા મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર સે-૨) ના માર્ગદર્શન દ્વારા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પ્રાકટ્ય ભૂમિ એવા નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી ધર્મદેવ હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોના ૧૯ માં પાટોત્સવ પ્રસંગે મહા વદ-૫ ને તા. ૯-૨-૧૫ ના પ્રાતઃ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે ષોડશોપચાર મહાભિષેક અને છપ્પન ભોગ અન્નકૂટ આરતી અને સંતોની અમૃતવાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં સુંદર નકશીકામ વાળી નવનિર્મિત આરસ પહાણના બારશાખોનુ શાસ્ત્રોક્ત પૂજન અર્ચન કર્યું હતું. જેના યજમાન પ.ભ. હિમંતભાઈ વશરામભાઈ લક્કડ હ. પરમ ધર્મેન્દ્ર લક્કડ પરિવારે લાભ લીધો હતો.

(શા. અભય સ્વામી, નારાયણઘાટ)

**અનાદિ મુક્તરાજ પૂ. વજીબા નૂતન સ્મૃતિ મંદિર વિજાપુરમાં મૂર્તિ પ્રતિષ્ઠા**

સર્વોપરી શ્રીહરિ સાથે મુક્તોની પંક્તિમાં બહેનોની પંક્તિમાં જેમનું આગવું સ્થાન છે એવા અનાદિ મુક્તરાજ પૂ. વજીબાના વિજાપુર ગામે તા. ૩૦-૧-૧૫ થી તા. ૩-૨-૧૫ પર્યન્ત નૂતન સ્મૃતિ મંદિર એવમ્ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવ્યો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી)ના માર્ગદર્શનથી સાથો સાથ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ હિરાવાડી (ટીમ નં. ૫) તથા વિજાપુર અને આજુબાજુના ગામના સર્વે ભક્તોના સાથ સહકારથી અ.મૂ.પૂ. વજીબા સ્મૃતિ મંદિરનું નિર્માણ કાર્ય સુંદર રીતે પૂર્ણ થયું. જમીન સંપાદનમાં સંપૂર્ણ આર્થિક સહકાર શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદથી પ્રાપ્ત થયો હતો.

આ પ્રસંગના ઉપક્રમે ધર્મ સાથે સમાજ સેવાના કાર્યો પણ કરવામાં આવેલ, શા. સ્વા. નારાયણવલ્લભદાસજી તથા શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તાપદે પંચ દિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવન કથા, પોથીયાત્રા, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ,

નગરયાત્રા, પ્રતિષ્ઠા, યજ્ઞ, બ્લડ ડોનેશન કેમ્પ, વિદ્વાન સંતો દ્વારા વ્યાખ્યાન માળા આદિ થયા હતા. આજુબાજુના ૨૫ ગામો અને દેશ વિદેશથી અનેક ભક્તોએ લાભ લીધો હતો. ધામો ધામના સંતોમાં અમદાવાદના મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, સ.ગુ. શા. સ્વા. હરિકેશવદાસજી (ગાંધીનગર), શા. સ્વા. રામકૃષ્ણદાસજી, સ્વામી જયપ્રકાશદાસજી આદિ સંત-મંડળ સાથે પધાર્યા હતા. તેમજ વડતાલ, મૂળી, ભૂજ, જૂનાગઢ અને ગઢપુરથી સંતો પધાર્યા હતા. મહોત્સવના ત્રીજા દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રી પ્રતિષ્ઠા યજ્ઞનો પ્રારંભ કરાવી સભામાં પધાર્યા હતા. ચોથા દિવસે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ પધારી બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. છેલ્લા દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને વેદના મંત્રો દ્વારા ઠાકોરજી તથા શ્રી ગણપતીજી - હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા કરી મંદિરના દર્શન કરી રાજી થયા હતા. ત્યારબાદ સભામાં પધાર્યા હતા. સભામાં કથાની પૂર્ણાહુતિ કરીને તમામ પ્રકારની સેવા કરનાર યજમાનોનું સન્માન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. મહોત્સવ દરમ્યાન ઠાકોરજીની નગરયાત્રા નું અદ્ભુત આયોજન કર્યું હતું. જેમાં ૧૦૦૦૦ ભક્તો જોડાયા હતા. સમગ્ર મહોત્સવમાં નૂતન મંદિરમાં વહીવટી સેવા કરતા ભક્તો એવમ્ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ તથા મહિલા મંડળની સેવાથી સમગ્ર ઉત્સવ દિપી ઉઠ્યો હતો. તેમાં વિજાપુર, સાંકાપુરા, ભાણપુર, ગવાડા, વજાપુર, રણછોડપુરા, હાથીપુરા, જેપુર, ધાંટુ, દેલવાડા, માણેકપુર, કુકરવાડા, માણસા, વિહાર, પિલવાઈ, બદપુરા, ઈશ્વરપુરા, બાલવા. સોજા, મોખાસણ, કચ્છ અને અમદાવાદના હરિભક્તોનો સાથ સહકાર સહયોગ અને સેવા સારી પ્રાપ્ત થઈ હતી. અત્રે સંતોમાં શા. કુંજવિહારીદાસજી, શા. ગોપાલચરણદાસજી અને શા. દિવ્યપ્રકાશદાસજી આદિ સંતો સેવામાં જોડાયા હતા. આ મહોત્સવ સદાય સૌના હૃદયમાં રહેશે અને તે મોક્ષનો અધિકારી બનશે.

(શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, ગાંધીનગર)

**બાલાસિનોર બહેનોના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવં પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર મૂર્તિ પ્રતિષ્ઠા (બહેનોનું) તા. ૨૨-૨-૧૫ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. અહીં સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ સત્સંગ કરાવેલ. અત્રે બહેનોનું મંદિર અતિ જીર્ણ થતા નૂતન મંદિર નિર્માણ માટે બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી હરિભક્તોના સાથ સહકારથી એકજ વર્ષમાં સુંદર મંદિરનું નિર્માણ પૂર્ણ થયું. મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક કથા મહાનુભાવાનંદ સ્વામી રચિત ''શ્રી હરિકૃષ્ણ લીલામૃત સાગર'' ગ્રંથની કથા શા. સ્વા. ભક્તિનંદનદાસજીના વક્તાપદે થઈ હતી. એવમ્ વિષ્ણુયાગ, નગર યાત્રા, મહાપૂજા, શોભાયાત્રા આદિ કાર્યક્રમો ધામધૂમથી થયા હતા. નાના મોટા સૌ ભક્તોએ મન મૂકીને લાભ લીધો હતો. તા. ૨૨-૨-૨૦૧૫ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. ઠાકોરજીની ષોડશોપચાર વૈદિક મંત્રોચ્ચાર સાથે મૂર્તિ પ્રતિષ્ઠા થઈ હતી. આ પ્રસંગે સિંહાસનમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના મસ્તક ઉપર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પાઘ મૂકી ત્યારે વાતાવરણ દિવ્ય બની ગયું હતું. જય જયકારના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

ત્યારબાદ સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન યજમાન પરિવારોએ કર્યું હતું. ત્યારબાદ મંદિર નિર્માણમાં સેવા કરનાર દાતાઓનું સન્માન થયું હતું. ધામોધામથી પધારેલા સંતોમાં જેતલપુર, ધોળકા, મકનસર, કાંકરિયા, મૂળી, સાયલા, ઈડર, અંજલી, મહેસાણા, જયપુર, હિંમતનગર, સિધ્ધપુર, વાલી અને છપૈયાધામથી સંતો પધાર્યા હતા અને અમૃતવાણીનો લાભ આપેલ.

સમગ્ર મંદિરના નિર્માણ કર્તા પૂ. પી.પી. સ્વામીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રાજીપાનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા હતા. અત્રેના ટ્રસ્ટીઓનું પણ સન્માન કર્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદમાં નિયમ, નિશ્ચય અને પક્ષ શિર સાટે રાખવા ભલામણ કરી હતી. સ્વયં સેવકો અને મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. સમગ્ર પ્રસંગમાં જેતલપુરધામના સંત મંડળની સેવા હતી. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભાવપુરાનો ૮ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. શા.પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભાવપુરાનો ૮ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. તા. ૫-૨-૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ગામમાં પધાર્યા ત્યારે વાજતે ગાજતે સામૈયું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નિજ મંદિરમાં ઠાકોરજીની પૂજા કરી અભિષેકની આરતી ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં યજમાન પરિવારોએ પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. જેતલપુર, અંજલી, નારણપુરા અને મૂળીના સંતોએ પ્રેરકવાણીમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ પૂજામાં હોવી જ જોઈએ એવી મહારાજે ખાસ આજ્ઞા કરી છે. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ્રસંગમાં સ્વયંસેવક અને કોઠારીની સેવાને બિરદાવી હતી.

(કોઠારી દિનેશભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા ૨૧ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ અત્રેના મહંત શાસ્ત્રી સ્વા. હરિૐપ્રકાશદાસજીની પ્રેરણાથી મહિલા મંડળના સમસ્ત બહેનો તરફથી ૨૧ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવન પંચદિનાત્મક કથા શા. સ્વા. હરિૐપ્રકાશદાસજીના વક્તાપદે સંગીતના તાલે થઈ હતી. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી રોજે કથા શ્રવણ કરવા પધારતા હતા અને બહેનોને દર્શન આશીર્વાદ આપી રાજી કર્યા હતા. તા. ૨૯-૧-૧૫ ના સવારે ૫-૩૦ કલાકે મંગળા આરતી બાદ ભૂદેવો દ્વારા યજમાન મહિમા મંડળે ઠાકોરજીનું ભાવથી પૂજન કર્યા બાદ સવારે ૬-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર અભિષેક થયો હતો. હજારો ભક્તો દર્શન કરી ભાવ વિભોર બન્યા હતા. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ યજમાનો (ભાઈઓનું)ને હારતોરા કરી સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા.

સવારે ૧૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ હતી.

ત્યારબાદ યજમાન હરિભક્તો અને અગ્રગણ્ય હરિભક્તો તેમજ શા. માધવ સ્વામી આદિએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ. મહારાજશ્રીના હસ્તે મંદિરની વેબ સાઈટ ખુલ્લી મૂકવામાં આવી. ત્યારબાદ અન્નકૂટ આરતી ઉતારી હતી. અન્નકૂટનો પ્રસાદ અને અભિષેક માટેનું વિશેષ દૂધ ગરીબોને વહેંચવામાં આવ્યું હતું. સભા સંચાલન પૂજારી શ્રીજીચરણ સ્વામી અને રસોડાની સેવા મુકુંદ સ્વામી (મૂળી)એ કરી હતી. સમગ્ર પ્રસંગમાં પાર્ષદો ભૂદેવો, મહિલા મંડળ અને યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (મયુર ભગત)

**જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૮૯ મો પાટોત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે પધરાવેલ મહાપ્રતાપી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૮૯ મો પાટોત્સવના ઉપલક્ષમાં શ્રી હરિલીલાલસિંધુ ગ્રંથની પંચદિનાત્મક કથાનો તા. ૯-૩-૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રારંભ થયો. (આ ગ્રંથ બ્ર. સ્વા. વૈષ્ણવાનંદ સ્વામીએ પદ્યમાં વ્રજભાષામાં લખેલ. ત્યારબાદ તે ગ્રંથની કથા આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે માણસાના રાજા આનંદસિંહને સંભળાવી હતી.) ત્યારબાદ આ ગ્રંથ અપ્રાપ્ય હતો. જેતલપુર મંદિર દ્વારા તેનું ગદ્યમાં ટ્રાન્સલેશન શા. સ્વા. ઉત્તમપ્રિયદાસજીએ કરી તેનું પ્રકાશન કરવામાં આવ્યું. જેથી પ્રથમ વખત આ ગ્રંથની કથા પાટોત્સવ પ્રસંગે શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર)ના વક્તાપદે થઈ. પાટોત્સવના યજમાન પદનો લાભ પ.ભ. શ્રી જનકભાઈ વિનુભાઈ પટેલ પરિવારે (હિરાપુરવાળા) લીધો હતો. કથા પ્રસંગમાં દરરોજ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધારતા હતા અને બહેનોને દર્શન આશીર્વાદનો લાભ આપતા હતા. કથા અંતર્ગત વિવિધ ઉત્સવો તથા મહાવિષ્ણુયાગ રાખવામાં આવેલ. જેની પૂર્ણાહૂતિ તા. ૧૪-૩-૧૫ ના રોજ પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ૧૮૯ મો પાટોત્સવ મહાભિષેક વેદવિધિસર સંપન્ન થયો હતો. ત્યારબાદ શણગાર-અન્નકૂટ આરતી ઉતારીને સભામાં બિરાજમાન થયા હતા. યજમાન પરિવારે પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

ગંગામાના પ્રસાદીના ચમત્કારી શ્રી રાધાકૃષ્ણ દેવનો અભિષેક મહિલા મંદિરમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે પ્રથમ વખત સંપન્ન થયો.

અદ્‌ભુત અન્નકૂટ દર્શન આરતી પૂ. શ્રીરાજાના વરદ્ હસ્તે થઈ.

સભામાં સ.ગુ. આનંદાનંદ સ્વામીની પ્રસાદીની તુંબડી જેમાં શ્રીહરિએ અમદાવાદ મંદિર બનાવવા માટે રૂા. ૧૧ દક્ષિણા આપી હતી. તેમાંથી મંદિર નિર્માણ થયું હતું. તે પ્રસાદીની તુંબડી અને ચિપીયાના દર્શન સભામાં કરાવવામાં આવ્યા હતા અને તેનું પૂજન-આરતી કરવામાં આવી હતી. ધામોધામથી સંત-હરિભક્તોએ પધારી દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. જેતલપુર, કાંકરિયા અને અંજલી મંદિરના સ્વયંસેવકોએ સુંદર સેવા બજાવી હતી. (મહંતશ્રી કે.પી. સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાશીન્દ્રા ૯ મો પાટોત્સવ**

શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના છત્રછાયાનું ગામ પ્રસાદીના કાશીન્દ્રામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે ભાઈઓ-બહેનોના મંદિરમાં ક્રમશઃ ૧૨૫ મો અને ૯ મો પાટોત્સવ તા. ૧૫-૩-૧૫ ના રોજ ઉજવાયો. ષોડશોપચાર મહાપૂજા, ઠાકોરજીનું પૂજન અભિષેક વિધિવત રીતે થયેલ. સંતો દ્વારા કથા વાર્તા થઈ હતી. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. યજમાનશ્રી અ.નિ. પ.ભ. દિનેશભાઈ ઈશ્વરભાઈ પટેલ (હ. ગં.સ્વ. ભારતીબેન દિનેશભાઈ પટેલ) પરિવારના જમાઈશ્રીએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી. સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન જેતલપુરધામ મંદિર દ્વારા થયું હતું.

(પટેલ અશોકભાઈ ખોડાભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડથલ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર વડથલનો વાર્ષિક પાટોત્સવ તા. ૨૫-૨-૨૦૧૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો. ઠાકોરજીનું પૂજન, અર્ચન, મહાપૂજા, અન્નકૂટ, કથા વાર્તા, જેતલપુર મંદિરના સંતો દ્વારા કરવામાં આવેલ. (કોઠારીશ્રી હરિકૃષ્ણભાઈ પટેલ)

**નારાયણઘાટ મંદિર ખાતે સ્નેહ મિલન**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, તથા મહંત સ.ગુ. પી.પી. સ્વામી (ગાંધીનગર સે-૨)ની પ્રેરણા માર્ગદર્શનથી અત્રે આત્મીયતાના ઝરણા સમાન સંતો-ભક્તોનું અદ્‌ભુત મિલન-સ્નેહ મિલન સમારોહ તા. ૧૦-૧-૧૫ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. શ્રીહરિના અને ધર્મકુળના અલૌકિક કૃપાવાક્યો ''આ સત્સંગ એજ અમારો પરિવાર છે.'' જેને અનુલક્ષીને સંતો અને અત્રેના આસપાસ વસતા હરિભક્તો આત્મીયાતના ભાવથી પરસ્પર મળ્યા હતા. સંતોમાં કાલુપુર મંદિરના મહંત પૂ. શા. સ્વા. હરિકૃષ્ણદાસજીએ સ્નેહ ભર્યા શબ્દોમાં આશીર્વાદ આપ્યા હતા. શાકોત્સવના રૂપી બાજરાના રોટલા અને વતાંકનું શાકનો સૌએ સાથે મળી પ્રસાદ ગ્રહણ કરી સ્નેહથી પરસ્પર મળી તૃપ્ત થયા હતા. (શા.સ્વા. અભયપ્રકાશદાસજી)

**કુકરવાડામાં ઉજવાયો રજત જયંતી મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કુકરવાડાનો રજત જયંતી મહોત્સવ તા. ૨૨-૨-૧૫ થી તા. ૨૪-૨-૧૫ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ, પોથીયાત્રા, રાત્રી કાર્યક્રમ ધર્મકુળ દર્શન આદિ થયા હતા

કથાના વક્તાપદે સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ બિરાજીને કથામૃત પાન કરાવ્યું હતું. છેલ્લા દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી સભામાં પધાર્યા હતા અને કથાની પૂર્ણાહુતિ કરી સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સાથે સંતોમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, દિવ્યપ્રકાશ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. (શા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**ભૂંડીયા (ધરમપુર) ગામે સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (નિર્માણાધિન) નિમિત્તે તા. ૧૪-૩-૧૫ ના રોજ ભવ્ય સત્સંગ સભાનું પ્રથમ આયોજન થયું હતું.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બિલોદરા દ્વારા કીર્તન ભક્તિ અને હરિપ્રકાશ સ્વામી અને શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કથા વાર્તાનો દિવ્ય લાભ આપેલ.

ગામના સર્વે ભક્તોએ સંકલ્પ કર્યો છે કે મંદિર પૂર્ણ થાય ત્યાં સુધી આ રીતે સભા કરીને હરિભક્તોને લાભ આપવો.

(ઘનશ્યામસિંહ રાણા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર ૮ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અસૌ. ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૮ મો પાટોત્સવ તા. ૧૦-૨-૧૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવના યજમાન પ.ભ. કુબેરભાઈ પરિવાર રહ્યા હતા.

પ્રાસંગિક સભામાં પૂ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, મહંત શા. નાના પી.પી. સ્વામી (ગાંધીનગર), શા. ચૈતન્યસ્વરૂપદાસજી આદિ સંતોએ કથા વાર્તાનો લાભ આપેલ. પ.પૂ.મોટા મહારાજશ્રીનું શુભાગમન થતા નિજ મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. સભામાં યજમાન પરિવારે ગુરુ પૂજન કરી આરતી ઉતારી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિહાર)

**એપ્રોચ (બાપુનગર) મંદિર દશાબ્દી મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને સ.ગુ. મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી ગં.વ. સમજુબેન નાનજીભાઈ શિંગાળા, અ.નિ. દૂધીબેન પોપટભાઈ શિંગાળા, પ.ભ. વિનોદભાઈ ડાહ્યાભાઈ પટેલ આદિ યજમાનો તરફથી તા. ૨૨-૨-૧૫ થી તા. ૨૬-૨-૧૫ પર્યન્ત એપ્રોચ મંદિરનો દશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

મહોત્સવના ઉપલક્ષમાં એક વર્ષથી દર શનિવારે જુદાં જુદાં વિસ્તારમાં રાત્રી ધૂન, કીર્તન તેમજ નજીકના ગામોમાં ૫૭ સત્સંગ સભાઓ કરી હતી.

આ પ્રસંગે સ.ગુ. શા. સ્વા. નિર્ગુણદાસજીના વક્તા પદે શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ કથા થઈ હતી. તા. ૨૫-૨ ના રોજ સમૂહ મહાપૂજામાં ૨૫૦ ભક્તો જોડાયા હતા. શાંતામણી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ તરફથી ફ્રી નિદાનકેમ્પમાં ૩૦૦ લોકોએ લાભ લીધો હતો.

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પણ દર્શન આપવા પધાર્યા હતા. ધામોધામના સંતો પધાર્યા હતા.

તા. ૨૬-૨-૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજને ષોડશોપચાર મહાભિષેક વિધિવત રીતે થયો હતો. યજ્ઞ, કથાની પૂર્ણાહુતિની આરતી અને અન્નકૂટ આરતી પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. અત્રે મંદિર દ્વારા પ્રકાશિત 'હરિ સ્મૃતિ' પુસ્તિકાનું વિમોચન થયું હતું.

છેલ્લે સૌ સંત-હરિભક્તોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હરિભક્તોએ દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવતા હતા.

તા. ૧૫-૩-૧૫ ના પ્રાતઃ સંત-હરિભક્તોએ એપ્રોચ મંદિરથી કાલુપુર મંદિર શ્રી નરનારાયણદેવની પદયાત્રા કરી હતી. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા રજત જયંતી મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા શા. પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી)ના માર્ગ દર્શન પ્રેરણાથી તા. ૧૬-૨-૧૫ થી તા. ૧૮-૨-૧૫ પર્યન્ત મોટેરા મંદિરનો રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવન ત્રિદિનાત્મક કથા શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી. રજત જયંતી મહોત્સવના ઉપક્રમે છેલ્લે ૧૮ માસથી વિવિધ કાર્યક્રમો થયા હતા.

સમગ્ર મહોત્સવમાં યજમાન પ.ભ. અંબાલાલ પુરુષોત્તદાસ પટેલ અને પ.ભ. ભાઈલાલભાઈ પુરુષોત્તમદાસ પટેલ પરિવાર રહ્યાં હતા. ત્રણે દિવસ ગામ જમાડ્યું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી, અન્નકૂટ આરતી કરીને સમસ્ત ગામને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સંતોમાં પૂ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંત મંડળ પધાર્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ જેવી અનેક વિધ પ્રવૃત્તિ સુંદર થઈ હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

અત્રે ઉત્સવના ઉપલક્ષમાં તા. ૧૮-૧-૧૫ ના રોજ ૧૨ કલાકની અખંડ ધૂન થઈ હતી. સવારે ૬ થી ૧૨ શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ દ્વારા અને બપોરે ૧૨ થી ૬ યુવક મંડળે ધૂન કરી હતી. સમાપનમાં શા. પી.પી. સ્વામીએ સંત મંડળ સાથે પધારી આશીર્વાદ આપ્યા હતા.

(શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકિયા ૩૧ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૩૧ મો પાટોત્સવ પ્રસંગે તા. ૨૩-૨-૧૫ થી તા. ૨૫-૨-૧૫ દરમ્યાન શ્રીમદ્ ભક્તચિંતામણી ગ્રંથની ત્રિદિનાત્મક પારાયણ શા.સ્વા. માધવપ્રિયદાસજીના વક્તાપદે થઈ હતી. માણસા મંદિરના મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી માર્ગદર્શક-સંચાલક રહ્યા હતા.

તા. ૨૫-૨-૧૫ ની ડાંગરવા યુવક મંડળે બાઈક પર સાફા બાંધી સ્વાર થઈ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સામૈયું કર્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા હતા.

પોથીયાત્રા, વરઘોડાના દર્શન, અન્નકૂટ, મહાભિષેકના દર્શન અલૌકિક થયા હતા. (ચૌહાણ મહેન્દ્રસિંહ કોઠારી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જામફળવાડી દ્વિતીય પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી ગુરુ શા. પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૧૭-૧-૧૫ ના રોજ અત્રે મંદિરનો ૨ જો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

મહાદેવનગરના ભક્તોએ ૨ કલાક મહામંત્ર ધૂન કરી હતી. આ પ્રસંગમાં શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, શા. છપૈયા સ્વામી, યોગી સ્વામી, દિવ્ય સ્વામી, હરિપ્રિય સ્વામી, નટુ સ્વામી અને નિલકંઠ સ્વામી આદિ સંતોએ કથા વાર્તાનો લાભ આપેલ. છેલ્લે અન્નકૂટ આરતી થઈ હતી. (પૂજારી ધનજી બાપા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા ૩૩ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાનો ૩૩ મો પાટોત્સવ તા. ૨૬-૧-૧૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે રાત્રી કથામાં શા. કૂંજવિહારીદાસ, બીજા દિવસે શા. ચૈતન્યસ્વરૂપદાસજી અને છેલ્લા દિવસે શા. દિવ્યપ્રકાશ સ્વામીએ કથા વાર્તા રૂપી સુંદર લાભ આપેલ. અન્નકૂટ આરતી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા શા. પી.પી. સ્વામી (ગાં.સે-૨)એ ઉતારીને હરિભક્તોને રાજી કર્યા હતા. (વિનુભાઈ કોઠારી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી ૮ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ જેતલપુરના મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી અત્રે મંદિરનો ૮ મો પાટોત્સવ તા. ૨-૨-૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક કરી વિધિવત રીતે ઉજવાયો. તા. ૧-૨-૧૫ ના ઠાકોરજીની વાઘા-વસ્ત્રોની છાબ ભરી વાજતે ગાજતે વિવિધ યજમાનો દ્વારા મંદિરમાં અર્પણ થઈ હતી. પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. રમણભાઈ જોઈતારામ પટેલ પરિવાર વાસણા અને વિવિધ પ્રસંગના યજમાનોનું શ્રીહરિનું સ્વરૂપ ભેટ રૂપે આપી તેમની સેવાને બિરદાવી હતી. પ્રાસંગિક સભામાં જેતલપુર, અમદાવાદ, નારણપુરા, કાંકરિયા, એપ્રોચ, ધોળકા, છપૈયા, મૂળી, સાયલા, ઈડર, હિંમતનગર, જયપુર અને વાલીથી પધારેલા સંતોએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. છેલ્લે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન અત્રેના મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી અને જેતલપુરના મહંત કે.પી. સ્વામીએ કર્યું હતું. સમગ્ર સેવામાં કાંકરિયા યુવક મંડળ અને મહિલા મંડળે (અંજલી) સુંદર સેવા બજાવી હતી. (મહંત સ્વા. વિશ્વપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેક્ટર-૨) ગ્રંથ વિમોચન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) માં તા. ૧૫-૩-૧૫ ના રોજ સંપ્રદાયના મહાન કવિ સમ્રાટ ''સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનું જીવન ચરિત્ર'' ગ્રંથનું વિધિવત રીતે વિમોચન થયું હતું.

આ પ્રસંગની પ્રાસંગિક સભામાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા આયોજીત રવિ સભા છેલ્લા છ માસથી ચાલુ છે. જેમાં સંતોમાં શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી દ્વારા શ્રીજનમંગલ નામાવલિ વિવેચનની કથા બાદ સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી અને મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર) દ્વારા ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું.

ગ્રંથના લેખક સત્સંગમાં નિષ્ઠાવાન પ.ભ. ઓધવજીભાઈ પરમારને સન્માનિત કરાયા હતા. સભામાં દરેકને ગ્રંથ ભેટ રૂપે અપાયો હતો. છેલ્લે સંતોના આશીર્વાદ બાદ પ્રસાદ ગ્રહણ કરી સૌ વિદાય થયા હતા. (ચંદ્રકાન્તભાઈ ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા રાત્રીય પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ગાંધીનગર મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી પ્રસાદીભુત મોટેરા ખાતે તા. ૩૧-૧૨-૧૪ થી તા. ૪-૧-૧૫ દરમ્યાન શ્રીમદ્ ભાગવત અંતર્ગત એકાદશ સ્કંધ રાત્રીય કથા શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે થઈ હતી. જેના યજમાન અ.નિ. પ.ભ. મગનભાઈ ગોપાલભાઈ પટેલ પરિવાર રહ્યાં હતા. પ્રથમ દિને પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને યજમાન પરિવાર ને આશીર્વાદ આપી રાજી થયા હતા. આ પ્રસંગે સંતોમાં મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી દેવ સ્વામી પધાર્યા હતા અને આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ શોભાવ્યું હતું

. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ મોટેરા)

**સોજા ગામે પંચદિનાત્મક પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી, ગાંધીનગર) તથા સ્વામી હરિચરણદાસજી કલોલ)ની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૧૪-૧-૧૫ થી તા. ૧૮-૧-૧૫ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મંદિર સોજાના ૧૦૬ માં પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સંગીતના મધુર તાલે થઈ હતી. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમો પણ થયા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા હતા. જેમાં સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતો પધાર્યા હતા. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સુંદર ઉદ્‌બોધન કર્યું હતું. સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. અત્રે ગાંધીનગર મંદિરના મહંત સ્વામીએ અત્રે ગામના ટાવર માટે ઉછવણી બોલતા એક ભક્તે રૂા. ૮ લાખ આપી લાભ લીધો હતો. યુવક મંડળ-મહિલા મંડળની સેવા પ્રેરણાદાયક હતી. (કોઠારીશ્રી સોજા)

**કડીમાં સત્સંગિજીવન પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે માનવ સેવા સમિતિ દ્વારા તા. ૧-૧-૧૫ થી તા. ૯-૧-૧૫ દરમ્યાન શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ સંગીતના મધુર તાલે શ્રીમદ્ સત્સંગિજીવન નવાન્હ પારાયણનું શ્રવણ કરાવેલ. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે પૂ. મહંત સ્વામી, નારાયણઘાટના મહંત સ્વામી આદિ સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગના પ્રેરક શા. પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી) રહ્યાં હતા. હજારો ભક્તજનોએ કથા શ્રવણ કરી ધન્યતા અનુભવી હતી.

(લાલભાઈ પ્રમુખશ્રી જગદીશભાઈ)

**ભીમપુરા ગામે પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ગાંધીનગર મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી ગામના સૌ ભક્તોની સેવા સહકારથી ભીમપુરા ગામે તા. ૭-૧-૧૫ થી તા. ૧૧-૧-૧૫ દરમ્યાન શ્રીમદ્ ભાગવત અંતર્ગત એકાદશ સ્કંધ પારાયણ સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે થઈ હતી. ગામના અને આજુબાજુના ગામોથી ઘણા

ભક્તોએ કથા શ્રવણ કરી ધન્યતા અનુભવી હતી.

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સાથે સ.ગુ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી અને દેવ સ્વામી (મહંતશ્રી, નારાયણઘાટ) પધાર્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. ગામના ભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી (જેતલપુર તાબાનું) ૨૮ મો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરના મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિરનો કલોલીનો ૨૮ મો પાટોત્સવ તા. ૮-૩-૧૫ ના વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે જેતલપુરથી વયોવૃદ્ધ સંત શ્યામ સ્વામી આદિ સંતોએ પધારી ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક અન્નકૂટ આરતી કરી કથાનો લાભ આપેલ. યુવાનોએ સુંદર સેવા કરી હતી.

(જયંતીભાઈ ઠક્કર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (નૂતન મંદિર) પ્રતાપપુરા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી તથા શા. સ્વા. માધવપ્રિયદાસજી (માણસા મહંતશ્રી)ની પ્રેરણાથી તા. ૭-૨-૧૫ થી તા. ૧૧-૨-૧૫ પર્યન્ત પ્રતાપપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન ત્રિદિનાત્મક પારાયણ શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) અને શા. સ્વા. માધવપ્રિયદાસજીએ કથામૃતપાન કરાવી હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. પ્રથમ દિને અમદાવાદ મંદિરના મહંત સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

તા. ૧૦-૨-૧૫ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. તા. ૧૧-૨-૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની મૂર્તિ પ્રતિષ્ઠા કરી સૌ ભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. ગામના નાના-મોટા સૌ ભક્તોએ તન, મન, ધનથી સેવા કરી હતી.

અત્રે તા. ૧૫-૨-૧૫ ના રોજ ૫૦૦ હરિભક્તોએ પ્રતાપપુરાથી માણસા પદયાત્રા કરીને ઠાકોરજીના દર્શન કર્યા હતા.

(શા. માધવ સ્વામી, માણસા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો) પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વા. વાસુદેવચરણદાસજીની પ્રેરણાથી ડાંગરવા (વાંટો) શ્રી સ્વામિનારાયણ મંદિરનો પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૦-૨-૧૫ થી તા. ૧૨-૨-૧૫ દરમ્યાન ઉજવાયો. આ પ્રસંગે શ્રી ભક્તચિંતામણી ગ્રંથની ત્રિદિનાત્મક રાત્રીય કથા શા. માધવપ્રિયદાસજીના વક્તાપદે થઈ હતી. શ્રીહરિયાગનું પણ આયોજન થયું હતું.

સભા સંચાલન શા. કૂંજવિહારીદાસે સંભાળ્યું હતું. તા. ૧૨-૨-૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ હતી. આ પ્રસંગે પોથીયાત્રા, જળયાત્રા, ઠાકોરજીની નગર યાત્રા ધામધૂમથી નીકળી હતી.

ગામના તમામ ભક્તોએ ખૂબજ સુંદર સેવા કરી ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો.

(શા. માધવ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. અખિલેશ્વરદાસજી (મથુરા મહંતશ્રી)ની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૭ મો પાટોત્સવ તા. ૮-૨-૧૫ ના રોજ ધામધૂમથી ઉજવ્યો હતો. હરિભક્તોએ પાટોત્સવ-અન્નકૂટના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પ.ભ. કાંતિભાઈ બેચરભાઈ પ્રજાપતિએ યજમાન બની લાભ લીધો હતો.

(કે.બી. પ્રજાપતિ)

**કપડવંજમાં પંચાન્હ પારાયણ**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા બચીબાની પ્રેરણાથી તા. ૧૭-૧૨ થી તા. ૨૧-૧૨ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ અ.સૌ. નયનાબેન દિપકભાઈ પટેલ ના યજમાનપદે સાં. નર્મદાબા (જેતલપુર)ના વક્તાપદે થઈ હતી. કથામાં આવતા તમામ ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. તા. ૨૦-૧૨ ના રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. તેઓશ્રીનું બહેનો દ્વારા ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. કથા શ્રવણ કરી ખૂબજ રાજી થઈ બહેનોને અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(પૂજારીશ્રી)

**બાયડ ગામે પંચાન્હ પારાયણ**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા સાં. બચીબાની પ્રેરણાથી તા. ૩૧-૧૨ થી તા. ૪-૧-૧૫ પર્યન્ત શ્રી ઘનશ્યામ લીલા ચરિત્ર પચાન્હ પારાયણ અ.સૌ. સુધાબેન મનુભાઈ પટેલ તરફથી થઈ હતી. સાં. નર્મદાબા (જેતલપુર)એ શ્રી બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની અનેક લીલાનું અદ્‌ભૂત વર્ણન કરી સમસ્ત ગામ અને આજુબાજુના ગામોથી પધારેલા બહેનોને ભગવાનની લીલાનું સુંદર જ્ઞાન પિરસ્યુ હતું.

(કોઠારી મનુભાઈ)

**બાલવા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા દશાબ્દી જ્ઞાનયજ્ઞ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરધામના મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી દર વર્ષની જેમ આ વરસે પણ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાલવા દ્વારા દશાબ્દી જ્ઞાનયજ્ઞનું તા. ૩-૧-૧૫ થી તા. ૯-૧-૧૫ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે શા. સ્વા. ચંદ્રપ્રકાશદાસજી (સિધ્ધપુર મહંતશ્રી) તથા સહિંતાપાઠમાં શા. સ્વા. ઉત્તમપ્રિયદાસજી (મહેસાણા મહંતશ્રી) વિરાજ્યા હતા. ધામોધામના સંતોએ પધારી અમૃત વાણીનો લાભ આપેલ.

બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. છેલ્લા દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને કથાની પૂર્ણાહુતિ કરી હતી. યજમાન પ.ભ. અ.નિ. ચૌધરી રઈબેન વેલાભાઈ બાબુભાઈ પરિવાર હ. ભોળાભાઈ વેલાભાઈ ચૌધરી, ભરતભાઈ ચૌધરી, અશોકભાઈ ચૌધરી, મહેશભાઈ આદિ પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ પ.પૂ. મોટામહારાજશ્રી વિદેશ યાત્રા પૂર્ણ કરી યજમાનશ્રીને ઘેર પધારી દર્શન આશીર્વાદનું સુખ આપી યજમાનને રાજી કર્યા હતા.

(શ્રીનરનારાયણદેવ યુવક મંડળ બાલવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા નિજ મંદિર જીર્ણોધ્ધાર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ સ.ગુ. જે.પી. સ્વામી ગુરુ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી અત્રે ધમાસણા મંદિરના જીર્ણોધ્ધાર નિમિત્તે ચૈત્ર સુદ-૯ રામનવમીના મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ હરિભક્તોએ લાભ લીધો હતો. (કોઠારીશ્રી)

**શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ**

પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા ગત ડિસેમ્બર-૨૦૧૪ માં લેવાયેલ પરીક્ષાનું પરિણામ

કુલ કેન્દ્ર-૩૫, બાળ સત્સંગ-૧, કિશોર સત્સંગ-૨

કુલ ૨૪૫૦ પરીક્ષાર્થી

બાળ સત્સંગ : બેઠકો ૧૮૫૦, પાસ ૧૭૦૦, નાપાસ-૫૦, ગેર હાજર ૧૦૦

કિશોર સત્સંગ : બેઠકો ૬૦૦, પાસ ૫૧૦, નાપાસ-૩૦, ગેર હાજર-૬૦

કુલ ૨૪૫૦ : ૧૭૦૦ પાસ બાળ સત્સંગ, ૫૧૦ પાસ કિશોર સત્સંગ, કુલ પાસ ૨૨૧૦, નાપાસ-૮૦, ગેર હાજર ૧૬૦, કુલ ૮૦ ટકા પરિણામ.

<u>બાળ સત્સંગ ભાગ-૧ :</u> (કાલુપુર મંદિર) (૧) મોદી હર્ષિલ રવિન્દ્રભાઈ, ૯૧%, (૨) નેક્કો રાહુલ રાજુભાઈ, ૯૧%, (૩) ડાભી હર્ષિલકુમાર, ૯૦% (હિંમતનગર) (૪) પટેલ સાક્ષીબેન હિતેશભાઈ, ૯૮% (૫) પટેલ વેદીબેન સંદિપભાઈ, ૯૮%, (૬) પટેલ આયુષી દિપકભાઈ, ૯૭%, (૭) પટેલ દેવયાની હિતેશભાઈ, ૯૭%, (૮) પટેલ રીટાબેન રાજેશભાઈ, ૯૭%, (૯) પટેલ પ્રવિણાબેન સુરેશભાઈ, ૯૭%, (૧૦) પટેલ નિધિબેન હિતેશભાઈ, ૯૭%, (૧૧) પટેલ મેઘાબેન સુરેશભાઈ, ૯૭%, (ઘાટલોડીયા) (૧૨) પટેલ નંદકુમાર ધર્મેન્દ્રભાઈ, ૯૮%, (૧૩) સોની વૃજકુમાર પીયુશભાઈ, ૯૮%, (૧૪) જોબનપુત્રા શુભ રાજેન્દ્રભાઈ, ૯૭%, (૧૫) મકવાણા નંદની કિરણસીંહ, ૯૭%, (૧૬) પટેલ શ્રેયાબેન વિરેન્દ્રભાઈ, ૯૭%, (કોટેશ્વર ગુરુકુળ) (૧૭) પટેલ દક્ષકુમાર રમેશભાઈ, ૯૮%, (૧૮) બજાજ પિયુશ કનુભાઈ, ૯૮% (૧૯) ગંગદિપ હર્ષકુમાર અજયભાઈ, ૯૮% (૨૦) વઘાસીયા દિવ્યાંગ પ્રકાશભાઈ, ૯૮%, (કુણાવાડા) (૨૧) કાછીયા ખુશીબેન કમલેશભાઈ, ૯૮% (૨૨) કાછીયા સ્મિત નીલકંઠભાઈ, ૯૮% (૨૩) કાછીયા રવિ નીલકંઠભાઈ, ૯૮%, (૨૪) કાછીયા શ્રેયશ શૈલેષભાઈ, ૯૮%, (અસારવા ગુરુકુળ) (૨૫) લકુમ દશરથ ભાવસંગભાઈ, ૯૮%, (૨૬) માળી દિપક કાન્તીલાલ, ૯૮%, (૨૭) ભરવાડ દિપક સુરેસભાઈ, ૯૫% (૨૮) પરમાર અજયસિંહ નિર્મલસિંહ, ૯૫%. (બાલવા-વાવોલ) (૨૯) ઠાકોર અંકિતાબેન જે., ૯૫%, (૩૦) વિશ્વકર્મા પ્રિયંકાબેન, ૯૫%, (ડાંગરવા) (૩૧) ડાભી જયરાજ કિરીટસિંહ, ૯૫%, (આનંદપુરા) (૩૨) પટેલ સાક્ષીબેન કિરીટભાઈ, ૯૬% (૩૩) દવે ગૌતમભાઈ ભરતભાઈ, ૯૫%, (૩૪) પ્રજાપતી જાનકીબેન વિક્રમભાઈ, ૯૪%, (ટાંકીયા (૩૫) ચૌહાણ છાયાબેન ભૂપેન્દ્રસિંહ, ૯૬%.

<u>કિશોર સત્સંગ ભાગ-૨</u> (કોટેશ્વર ગુરુકુળ) (૧) જોધાણી વિવેક કિશોરભાઈ, ૯૮%, (૨) ભાભોટ શાન્તિકુમાર મહેશભાઈ, ૯૮%, (૩) ગેવરીયા દર્શન અશોકભાઈ, ૯૮% (૪) હડમતીયા ભાવિન ઉમાકાન્તભાઈ, ૯૮% (લુણાવાડા) (૫) કાછીયા રિતેશ અતુલભાઈ, ૯૮%, (૬) કાછીયા જયદિપ ગોપાલભાઈ, ૯૮% (૭) કાછીયા નિધિ પ્રફુલભાઈ, ૯૮% (૮) કાછીયા ધ્રુવિબેન હરિહરભાઈ, ૯૮%, (૯) કાછીયા મિતાક્ષાબેન એ. ૯૮%, (અસારવા ગુરુકુળ) (૧૦) વઘાસીયા હિતેશ પ્રફુલભાઈ, ૯૫%, (૧૧) બારૈયા મેહુલ એમ. ૯૫%, (૧૨) મકવાણા પ્રદિપ ભરતભાઈ, ૯૫%, (લીમ્બોદરા-બાલવા) (૧૩) પ્રજાપતિ મિહીર એસ. ૯૬% (૧૪) નરનારાયણદેવ ભરોસે ૯૬%, (ડાંગરવા નં-૧) (૧૫) ડાભી નિશાબેન વિનોદસિંહ, ૯૫% (૧૬) ડાભી મનવીર કિરીટસિંહ, ૯૪%, (ડાંગરવા નં-૨) (૧૭) ચાવડા દીનકર કિરીટસિંહ, ૯૫%, (૧૮) ચાવડા પ્રિયાબેન કરણસિંહ, ૯૫%, (આનંદપુરા( (૧૯) પટેલ મોહીનીબેન ગોવિંદભાઈ, ૯૬%, (૨૦) પટેલ રોમાબેન સંદિપભાઈ, ૯૫%, (૨૧) પટેલ રમણભાઈ ગોપાળભાઈ, ૯૪%, (ટાંકીયા) (૨૨) ખેર રાજબા ધર્મેન્દ્રસિંહ, ૯૫% (૨૩) ચૌહાણ નેહલ ખુમાનસિંહ, ૯૪%.

(સંચાલક : દેવાણી રણછોડભાઈ ભીમજીભાઈ પટેલ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમી સમૈયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી અત્રેના મંદિરના મહંત સ.ગુ. સ્વા. શ્યામસુંદરદાસજીની પ્રેરણાથી મહા સુદ-૫ વસંત પંચમીના સમૈયાના ઉપલક્ષમાં શ્રી મદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી તથા શા. સ્વા. અભયપ્રકાશદાસજીના વક્ત પદે થઈ હતી. કથાના યજમાન સાં. રાજુકુંવરબા તથા ઉષાબા (મોરબી) અને પાટોત્સવના યજમાન પ.ભ. જયેશભાઈ ઘનશ્યામભાઈ ગઢવી પરિવાર રહ્યાં હતાં.

આ પ્રસંગ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા અ.સૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર થયો હતો. શ્રીહરિયાગની પૂર્ણાહુતિ બાદ અન્નકૂટ આરતી ઉતારી હતી. જેના યજમાન અ.નિ. નારાયણજીવન સ્વામીના સ્મરણાર્થે સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીના મંડળે

લાભ લીધો હતો. મંદિરના પ્રસાદીના વિશાળ ચોકમાં ધામોધામના સંતોની અમૃત વાણી બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી રંગોત્સવે રમી પોતાના આશ્રિતોને અલૌકિક સુખ આપ્યું હતું. રંગોત્સવના યજમાન ક્રિષ્ણાબેન નવિનભાઈ માંડલિયા (મોરબી) રહ્યાં હતાં. સભા સંચાલન શૈલેન્દ્રસિંહ ઝાલા અને ભરત ભગતે કર્યું હતું.

